સુવિચાર

''આપણા પડછાયા પાસેથી પણ આપણે જીવતા શીખવાનું છે, ક્યારેક મોટા થઈને તો ક્યારેક નાના થઈને.''

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૮/૧૧/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ કારતક વદ-૩ વર્ષ : ૧૬ અંક : ૨૭૬


## રાજ્યનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકારે કર્યો નિર્ણય


# ખેડૂતોને પાક નુકસાની બદલ રૂપિયા ૧૦ હજાર કરોડનું પેકેજ

**આવતીકાલથી ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ૧૫ હજાર કરોડની મગફળી, મગ, અડદ અને સોયાબીન ખરીદાશે**

**છેલ્લા એક અઠવાડીયાથી સર્વે અને બેઠકોનાં દોરનાં અંતે પેકેજની જાહેરાત કરાઈ**

**ખેડૂતો આર્થિક રીતે દયનીય હાલતમાં હોય રાજ્ય સરકારે મલમપટ્ટી લગાવી**

**અઠવાડીયાથી વિપક્ષી નેતાઓએ આંદોલન કરીને સરકાર પર દબાણ વધાર્યુ હતું**



ગાંધીનગર, તા.૭

ગુજરાત સરકારે ખેડૂતોને પાક નુકસાની બદલ રૂ. ૧૦ હજાર કરોડનું સહાય પેકેજ જાહેર કર્યું છે. હાલમાં ગુજરાતના ખેડૂતો સૌથી મોટી મુશ્કેલીમાં છે, કારણ કે આ વર્ષે ચોમાસામાં ભરપૂર વરસાદ બાદ સતત માવઠાના કારણે ખેડૂતોના પાકને ભારે નુકસાન થયું છે. ત્યારે હવે રાજ્ય સરકારે ખેડૂતો માટે મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં કૃષિ વિભાગ, મહેસૂલ વિભાગ અને નાણાં વિભાગ સહિતના ઉચ્ચ અધિકારીઓ અને મંત્રીઓની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠક બાદ ખેડૂતોને પાક નુકસાનીના વળતર માટે રૂપિયા ૧૦ હજાર કરોડ રાહત પેકેજ આપવાનો નિર્ણય લેવાયો છે. આ સાથે ૯ નવેમ્બરથી ગુજરાત સરકાર ખેડૂતો પાસેથી ટેકાના ભાવે રૂ. ૧૫ હજાર કરોડના મૂલ્યની મગફળી, મગ, અડદ અને સોયાબીનની પણ ખરીદી કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એક્સ પર પોસ્ટ કરીને આ માહિતી આપી હતી. જણાવી દઈએ કે, રાજ્યમાં કમોસમી વરસાદના લીધે ૪૨ લાખ હેક્ટર માં ૧૬,૦૦૦ જેટલા ગામોમાં આ વરસાદથી નુકસાન થયું છે.

આ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, 'ગુજરાતમાં ગત બે દાયકામાં ન થયો હોય એ પ્રકારનો અસાધારણ કમોસમી વરસાદ આ વર્ષે થતા રાજ્યના વિવિધ જિલ્લાના ખેડૂતોના પાકને મોટું નુકસાન થયું છે. આ સંદર્ભે, મેં તથા મારા સાથી મંત્રીઓએ જુદા-જુદા જિલ્લાઓમાં જઈને અસરગ્રસ્ત ખેડૂતોની સાથે પ્રત્યક્ષ વાતચીત કરીને તેમની સ્થિતિ

અનુસંધાન પાના ૬ ઉપર

## ખેડૂતોને વધુમાં વધુ રૂા. ૪૪ હજાર મળશે

# ગુજરાતમાં ખેડૂતોને હેક્ટર દીઠ રૂા. ૨૨ હજારનું વળતર

**મુખ્યમંત્રી દ્વારા જાહેર કરાયેલી સહાય પેકેજની વિગતે જાણકારી અંગે કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી**

ગાંધીનગર, તા.૭

ગુજરાતમાં થયેલા કમોસમી વરસાદની સૌથી વધુ અસર સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ખેડૂતોને થઈ છે. માવઠું થતાં ખેડૂતોના તૈયાર પાક પર પાણી ફરી વળતાં ખેડૂતો પાયમાલ થયા છે.

ખેડૂતોના મગફળી, કપાસ, ડાંગર સહિતના પાકને ભારે નુકસાન થયું છે, ત્યારે આજે શુક્રવારે (૭ નવેમ્બર, ૨૦૨૫) રાજ્ય સરકારે રૂ.૧૦ હજાર કરોડના રાહત-સહાય પેકેજની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી દ્વારા જાહેર કરાયેલી સહાય પેકેજની વિગતે જાણકારી અંગે કૃષિ મંત્રી જીતુ વાઘાણીની પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. રાજ્ય સરકારે ખેડૂતોના પાક નુકસાન

અનુસંધાન પાના ૬ ઉપર

## રાજ્ય સરકારનું ૧૦ હજાર કરોડનું પેકેજ અન્યાયકર્તા

# રાજ્ય સરકારે ખેડૂતોને પડીકુ પકડાવ્યુ : પરેશ ધાનાણી

# એક વીઘાનાં માત્ર રૂપિયા ૩૪૦૦ : પ્રતાપ દુધાત

**ઉદ્યોગપતિઓનાં ૨૧ લાખ કરોડ માફ અને ખેડૂતોને ૧૦ હજાર કરોડ**





અમરેલી, તા.૭

ગુજરાતનાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આજે ખેડૂતો માટે ૧૦ હજાર કરોડનું પેકેજ જાહેર કરતાં જિલ્લાનાં પુર્વ ધારાસભ્યોએ આકરી પ્રતિક્રિયા આપી છે.

પરેશધાનાણીએજણાવ્યુંકે, ઉદ્યોગપતિઓનાં ૨૧ લાખ કરોડ માફ કરતી સરકારે ખેડૂતોને માત્ર ૧૦ હજાર કરોડની ફાળવણી કરી છે. જે અન્યાયકર્તા છે.

પ્રતાપ દુધાતે જણાવ્યુ કે પ્રતી હેકટરરરહજારઅનેરહેકટરનીમર્યાદમં માત્ર રૂપિયા ૪૪ હજાર ફાળવવા એટલે કે પ્રતીવીઘામાત્ર૩૪૦૦રૂપિયાથાયજેનાથી ખેડૂતોનેઆર્થિકરીતે કોઈસહયોગરાજ્ય સરકારે કર્યોનથીઅનેહવેખેડૂતોએનિર્ણય કરવાનો છે તેમ અંતમાં જણાવેલ છે.

## રખડતા શ્વાન મામલે સુપ્રિમ કોર્ટની ઝાટકણી

# સ્કૂલ-કોલેજ, હોસ્પિટલો અને બસ-રેલ્વે સ્ટેશનો પરથી રખડતા ઢોર-કુતરા હટાવો

**રખડતા પ્રાણીઓને હાઈવે અને રસ્તાઓ પરથી દૂર કરીને આશ્રયસ્થાનોમાં રાખવા જોઈએ : મ્યુનિસિપલ કોર્પોરેશનોએ પેટ્રોલિંગ ટીમો બનાવવી જોઈએ : સુપ્રીમ**



પ્રતિકાત્મક તસ્વીર

નવી દિલ્હી, તા.૭

આજે શુક્રવારે સુપ્રીમ કોર્ટે રખડતા કૂતરાઓના મુદ્દા પર ત્રણ આદેશો જાહેર કર્યા છે. કોર્ટે નિર્દેશ આપ્યો છે કે, રાજ્યો એમિકસ ક્યુરીના રિપોર્ટ પર કાર્ય કરે અને સોગંદનામું દાખલ કરે. બીજા આદેશમાં, કોર્ટે નિર્દેશ આપ્યો કે, રસ્તાઓ પર રખડતા પ્રાણીઓ અંગે રાજસ્થાન હાઈકોર્ટના આદેશનો દેશવ્યાપી અમલ કરવામાં આવે.

રખડતા પ્રાણીઓને હાઈવે અને રસ્તાઓ પરથી દૂર કરીને આશ્રયસ્થાનોમાં રાખવા જોઈએ. મ્યુનિસિપલ કોર્પોરેશનોએ પેટ્રોલિંગ ટીમો બનાવવી જોઈએ અને ૨૪ કલાક દેખરેખ રાખવી જોઈએ. આ સાથે, કોર્ટે હેલ્પલાઈન નંબર જાહેર કરવાનો પણ આદેશ આપ્યો છે. ત્રીજા આદેશમાં, સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો હતો કે, રખડતા કૂતરાઓને શૈક્ષણિક સંસ્થાઓ, રમતગમત સંકુલ, હોસ્પિટલો, બસ સ્ટેન્ડ અને રેલવે સ્ટેશનોમાં દીવાલ કરીને પ્રવેશતા અટકાવવામાં આવે અને અન્ય પગલાં લેવામાં આવે. રખડતા કૂતરાઓને ત્યાં રહેવા ન દો. તેમને રસી આપો, નસબંધી કરો અને તેમને આશ્રયસ્થાનોમાં રાખો. કોર્ટે આઠ અઠવાડિયામાં તેના આદેશનો અમલ કરવાનો આદેશ આપ્યો છે.

જણાવી દઈએ કે, ૧૧ ઓગસ્ટના રોજ, જસ્ટિસ જે.બી. પારડીવાલા અને આર. મહાદેવનની બેન્ચે કૂતરા કરડવાની ઘટનાઓ પર કડક વલણ અપનાવતા, દિલ્હી, નોઈડા, ગાઝિયાબાદ, ગુરુગ્રામ અને ફરીદાબાદમાં બધા રખડતા કૂતરાઓને આશ્રયસ્થાનોમાં મર્યાદિત રાખવાનો આદેશ આપ્યો હતો. પ્રાણી પ્રેમીઓએ આનો વિરોધ કર્યો અને આ મામલો મુખ્ય ન્યાયાધીશ સમક્ષ લાવ્યો, ત્યારબાદ આ મામલો ત્રણ ન્યાયાધીશોની બેન્ચને મોકલવામાં આવ્યો હતો.

ત્રણ ન્યાયાધીશોની બેન્ચે, અગાઉના આદેશને ઉલટાવીને, દિલ્હી-NCRમાં રખડતા કૂતરાઓને

અનુસંધાન પાના ૬ ઉપર

## પાલિકા શહેરમાં ઉજાસ કરવામાં નિષ્ફળ

# અમરેલીનાં ચિતલ રોડ, લાઠી રોડ સરદાર સર્કલની સ્ટ્રીટ લાઈટ બંધ

**પાલિકાના શાસકોને શહેરીજનોની કોઈ ચિંતા નથી**

અમરેલી, તા. ૭

અમરેલીપાલિકામાંચાલતા અંધેરી વહીવટથી શહેરની દોઢ લાખ જનસંખ્યા બંધ સ્ટ્રીટલાઈટ, ઉભરાતિ ગટરો, રખડતા પશુઓ, અનિયમિત પાણી વિતરણ, બિસ્માર માર્ગો, બેફામ ગંદકી સહિતની સમસ્યા ત્રાહીમામ પોકારી ચુકી છે. પાલિકાના શાસકોને ઉચ્ચ પદાધિકારીઓ કે અધિકારીઓને ડર રહયો નથી.

દરમિયાનમાં આજેશહેરના હાર્દસમા સરદાર સર્કલ, ચિતલ રોડ, સીનિયર સિટીઝન પાર્ક સહિતના વિસ્તારોની સ્ટ્રીટલાઈટ બંધ જોવા મળતા શહેરીજનો રોષે ભરાયા હતા.


અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,09,200/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૭/૧૧/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) — દિવસ માટે - ૨ (લેડીઝ); રાત્રી માટે - ૧ (જેન્ટસ/લેડીઝ)
નર્સિંગ સ્ટાફ (GNM / ANM) — દિવસ માટે - ૪ (લેડીઝ); રાત્રી માટે - ૪ (લેડીઝ)
નર્સિંગ આસિસ્ટંટ (લેડીઝ) — દિવસ માટે - ૨; રાત્રી માટે - ૨
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

## દિવાળી બાદ આવેલ કમોસમી વરસાદે ખેતીપાકો તબાહ કરતાં

# અમરેલી જિલ્લામાં ઠેકઠેકાણે જગતાત ગણાતા ખેડૂતો નિરાશામાં ગરકાવ

ખેડૂતોએ અશ્રુભીની આંખે તેમની કાળી મહેનતનાં અંતે તૈયાર કરેલ ખેતીપાકો બગડી જતાં સળગાવવા તૈયાર થયા

ડુંગળી પકવતાં ખેડૂતો પણ વરસાદથી નુકસાની થતાં પશુઓને ઘાસચારા માટે ડુંગળી ધરી દે છે

હજારો ખેડૂતો આર્થિક દેવામાં સપડાયા હોય તેવા સમયે કુદરતી આફત ત્રાટકી

રાજય સરકાર ખેડૂતોનાં સંપૂર્ણ દેવા માફ કરે નહી તો કોઈ ખેતી કરવા તૈયાર થશે નહી



તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી

અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લામાં દિવાળીબાદ ત્રાટકેલ કમોસમી વરસાદે લગભગ તમામ વિસ્તારમાં ખેડૂતોએ લોહી–પાણી એક કરીને તૈયાર કરેલ કપાસ, મગફળી, સોયાબિન, ડુંગળી સહિતના પાકોનો સંપુર્ણ નાશ થતા ખેડૂતો દયનીય હાલતમાં મુકાયા હોય રાજય સરકાર ખેડૂતોના દેવા માફ કરે તેવી લાગણી ખેડૂતો દર્શાવી રહયા છે.

આજે જાફરાબાદનાં મોટા માણસા ગામના શૈલેષભાઈ જોગાણીએ ૧૬ વીઘા જમીનમાં તૈયાર કરેલ મગફળીનો પાક નાશ થતાં તેઓને દોઢથી બે લાખ રૂપિયાનુ નુકસાન જતા નારાજ થઈને મગફળીના પાથરાને આગ ચાંપી દીધી હતી તેવી જ રીતે ૧૦ વીઘા જમીનમાં હજારો રૂપિયાનો ખર્ચ કરીને તૈયાર કરેલ ડુંગળી પણ પલળીને બગડી જતા તે પણ પશુઓને ચરિયાણ માટે ધરી દીધી હતી.

સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામના ખેડૂત સુરેશભાઈ ગીરધરભાઈ માલાણીની ૨૦ વીઘા જમીનમાં મગફળીનો તૈયાર પાક હતો. અચાનક ત્રાટકેલા કમોસમી માવઠાને કારણે મગફળીના તૈયાર પાથરા સંપૂર્ણ પલળી ગયા હતા. જેનાથી પાકને ભારે નુકસાન થયું હતું. ત્યારે આ ખેડૂતે પલળી ગયેલા મગફળીના પાથરાને દીવાસળી ચાપી અને સળગાવી દીધા હતા.

આ ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જેમાં ખેડૂતનો રોષ દેખાઈ રહ્યો હતો. હજુ સુધી સરકાર દ્વારા કોઈ સહાય પેકેજ જાહેર કરવા ન આવતા પોતાનો વિરોધ પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે. આ નુકસાનની વાત સરકાર સુધી પહોંચે અને નુકસાનગ્રસ્ત ખેડૂતોને યોગ્ય વળતર મળી શકે તેવા પ્રયાસો કર્યા હતા. અમરેલી જિલ્લા સહિત સમગ્ર ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં કમોસમી વરસાદના કારણે વ્યાપક પ્રમાણમાં નુકસાન થયું છે. ત્યારે આવા અનેક નુકસાનીના વિડીયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યા છે. ક્યાંક પાથરા સળગાવી રહ્યા છે, તો ક્યાંક પશુઓને ચરવા માટે છૂટા મૂકી દીધા છે.

કમોસમી વરસાદને કારણે ખૂબ જ નુકસાન પણ થયું છે. ત્યારે સરકાર વહેલી તકે યોગ્ય સહાય આપે તેવું ખેડૂતો પોતાની વેદના વ્યક્ત કરી રહ્યા છે. ઉલ્લેખનીય ગઈકાલે જાબાળ ગામે ખેડૂતે પાથરા સળગાવ્યા હતા તો આંબરડી ગામે ખેડૂત ભગવાનભાઈ કરશનભાઈ એ પાકમાં પશુઓને ચરવા છૂટા મુકી દીધા હતા.

### મુખ્યમંત્રી, ગૌસંવર્ધન મંત્રીને ઠરાવ મંજુર કરી મોકલાયો

## અમરેલી જિલ્લાનાં પશુપાલકોને રાહત પેકેજ આપવા ''અમર ડેરી'' બોર્ડની માંગ

### ખેડૂતોની જેમ પશુપાલકોને પણ મદદ જરૂરી

અમરેલી, તા. ૭

તાજેતરમાં પડેલા કમોસમી વરસાદના કારણે પશુપાલકોને થયેલ નુકશાન અને પશુપાલકોના કિમતી પશુધન બચાવવા માટે ખાણદાણ, ઘાસચારો, વેટેનરી દવાઓ અને સારવાર માટે સ્પેશ્યલ પેકેજ મંજુર કરવા માટે થઈને અમર ડેરીના બોર્ડની બેઠકમાં સર્વાનુમતે ઠરાવ કરીને રાજયના મુખ્ય મંત્રી, ભુપેન્દ્ર પટેલ, કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર, પશુપાલન ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, પ્રોટોકોલ મંત્રી જીતુભાઈ વાઘાણી તથા રાજય મંત્રી કાયદો અને ન્યાયતંત્ર, ઉર્જા અને પેટ્રોકેમિકલ વૈધાનિક અને સંસદીય બાબતના મંત્રી કૌશિકભાઈ વેકરીયાને વિનંતી કરેલ છે.

અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. અમર ડેરીનુ બોર્ડ મળેલ હતું, જે બોર્ડમાં પશુપાલકોની રજૂઆત અને માંગણી અંગે ચર્ચા કરવામાં આવેલ તે અનુસંધાને તાજેતરમાં છેલ્લા ૧૦–૧૫ દિવસથી સતત અતિભારે કમોસમી (માવઠું) વરસાદ પડી રહ્યો હોય તેવા સમયે ખેતીવાડી અને પશુપાલન એક સિક્કાની બે બાજુ છે. પરંતુ રાજય સરકાર દ્વારા ખેતી પાકોને થયેલ નુકસાન અંગે સરકાર સહાય આપવાનો નિર્ણય કરવા જઈ રહેલ છે, તેવા સંજોગોમાં ખેતીની બીજી બાજુ પશુપાલન કરતા પશુપાલકોને તેમના પશુઓ ઉપર સતત ઠંડો વરસાદ પડવાના કારણે પશુઓનું દૂધ ઉત્પાદન સાવ ઘટી ગયેલ હોય જેના કારણે પશુપાલકોને ખુબ મોટાપાયે નુકશાન થયેલ છે, પશુઓ ઉપર સતત વરસાદ પડવાના કારણે પશુ બીમાર પડેલ છે, તેમજ પશુઓને ખાવા માટે ઘાસચારો પણ સદંતર નાશ પામેલ છે. તેવા સંજોગોમાં કીમતી પશુધન બચાવવા માટે પોષણક્ષમ આહાર તરીકે ખાણદાણ આપવું ખુબ જ જરૂરી હોય તેવા સંજોગોને ધ્યાને લેતા અમરેલી જિલા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. અમર ડેરીનુ બોર્ડ સર્વાનુમતે ઠરાવ કરીને વિનંતી કરે છે કે ઉપરોકત સંજોગોને ધ્યાને રાખી તાત્કાલિક ધોરણે પશુઓને ખાવા માટેનો ઘાસચારો, પોષણક્ષમ આહાર, પશુદાણ તેમજ જરૂરી વેટેનરી સારવાર અને દૂધ ઉત્પાદનમાં થયેલ નુકશાન અંગેનું ખાસ રાહત પેકેજ મંજુર કરી સહાય આપવા અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. અમર ડેરીનુ સમગ્ર બોર્ડ અમરેલી જીલ્લાના પશુપાલકોને વિનંતી સહ ભલામણ કરેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## અમરેલી : રાજયમંત્રી કૌશિક વેકરિયાને શુભેચ્છા પાઠવતા હેમેન્દ્રભાઈ મહેતા



અમરેલી, તા. ૭

ગુજરાત સરકારના કાયદો અને ન્યાય, પેટ્રોકેમિકલ્સ અને સંસદિય બાબતોના રાજયકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરીયાને બોરીવલીના પૂર્વ ધારાસભ્ય, વિધાસભા અમરેલીના ઉપ પ્રમુખ અને બાલભવન અમરેલીના ચેરમેન હેમેન્દ્રભાઈ મહેતાએ રૂબરૂ મુલાકાત લઈને તેઓનું શાલ અને પુષ્પ ગુચ્છથી સન્માન કરી શુભકામનાઓ પાઠવી હતી. આ તકે ડો. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ, અમરેલીના મેનેજીંગ ટ્રસ્ટી મોટાભાઈ સંવટ પણ તેમની સાથે ઉપસ્થિત રહ્યાં હતા અને મંત્રીને શુભકામના પાઠવી હતી.

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

### જિલ્લાનાં ભાજપનાં પાયાનાં પથ્થર સમાન ગણાતા

## અમરેલી જિલ્લાનાં દિગ્ગજ સહકારી અગ્રણી રશ્વિનભાઈ ડોડીઆનો આજે જન્મદિવસ

### મિત્રો, શુભેચ્છકો દ્વારા મો. ૯૯૨૫૦૨૫૩૨૩ પર અભિનંદન વર્ષા



અમરેલી, તા.૭

અમરેલી જિલ્લાનાં ભાજપનાં પાયાના પથ્થર સમાન અને જિલ્લાનાં દિગ્ગજ સહકારી અગ્રણી અશ્વિનભાઈ ડોડીઆનો આવતીકાલે ૮ નવેમ્બરનાં રોજ જન્મદિવસ છે.

તેઓ બગસરા પાલિકાનાં પ્રમુખ જિલ્લા ભાજપના ઉપપ્રમુખ તરીકે નિષ્ઠાવાન પૂર્વક કામગીરી કરી ચૂકયા છે. અને આજે તેઓ બગસરા વાંઝા જ્ઞાતી સમાજના અને વાંઝા જ્ઞાતી હિતવર્ધક મંડળનાં પ્રમુખ તરીકે પણ કામગીરી કરી રહ્યા છે.

બાળપણથી જનસંઘની વિચારધારા સાથે જોડાઈ બગસરા શહેરના સર્વાંગી વિકાસમાં જેનો મહત્વ પુર્ણસિંહફાળો છે એવા અને સહકારી ક્ષેત્રે જેમણે અમરેલી જીલ્લામાં ગૌરવસાળી નામના મેળવી છે અને તાજેતરમા સહકાર ભારતી દ્વારા ગુજરાતની ૬૩૫૦ થી વધુ શરાફી સહકારી મંડળીઓમાં પ્રથમ નંબર આપવામા આવેલ છે ગુજરાત ભરમાં સહકારી ક્ષેત્રે સિમાચિન્હ આદર્શ વ્યકિતત્વના માલીક રશ્નિભાઈ ડોડીઆના જન્મ દિવસ નિમિતે તેમના શુભેચ્છકો હર્તા કર્તાઓ દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે. **મો.નં. ૯૯૨૫૦૨૫૩૨૩**

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

## અમરેલી : અમર ડેરી ખાતે ''વંદે માતરમ''ના ૧૫૦મા વર્ષની ઉજવણી સાથે સ્વદેશી અને આત્મનિર્ભર સંકલ્પ કરાવતાં ચેરમેન અશ્વિન સાવલિયા



અમર ડેરી તથા અમર ડેરી સંચાલિત વિવિધ દૂધ મંડળીઓ ખાતે તા. ૭ નવેમ્બર ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે રાષ્ટ્રગીત ''વંદે માતરમ્''ના ૧૫૦મા વર્ષની ઉજવણી કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો, કાર્યક્રમ દરમિયાન સ્વદેશી અને આત્મનિર્ભર ભારતના સંકલ્પનું પણ સામૂહિક રીતે સ્વીકાર કરવામાં આવ્યો. કાર્યક્રમમાં અમર ડેરીનાં ડિરેક્ટર કુ. ભાવનાબેન ગોંડલિયા દ્વારા વંદેમાતરમની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ સમજાવવામાં આવી, તેમણે જણાવ્યું કે આ ગીત બંકીમચંદ્ર ચટોપાધ્યાયે ૧૮૭૫માં રચ્યું હતું. ૧૮૯૬માં રવીન્દ્રનાથ ટાગોરે કોલકાતાના સત્રમાં પ્રથમ વખત તેનું નૃત્યગાન કર્યું હતું. વંદેમાતરમ સ્વદેશી ચળવળનું મુખ્યસૂત્ર બન્યું ક્રાંતિકારી બાળગંગાધર તિલક, લાલા લજપતરાય, શહીદ ભગતસિંહ અને સુભાષચંદ્ર બોઝ જેવા ક્રાંતિકારીઓ માટે અખૂટ પ્રેરણાસ્રોત સાબિત થયું. અમર ડેરીના ચેરમેન અશ્વિન સાવલિયાએ ઉદબોધન કર્યું કે રાષ્ટ્રને સમર્પિત ગીતો અને કાવ્યો વર્ષો જૂના હોવા છતાં આજે પણ પ્રેરણા આપે છે, આવા સર્જનો સદીઓ સુધી રાષ્ટ્રવાદ અને દેશભકિતની ભાવના મજબૂત બનાવે છે વધુમાં જણાવ્યું કે ''વંદે માતરમ માત્ર એક નારો નથી, પરંતુ એક મંત્ર, એક ઊર્જા, એક સપનું અને રાષ્ટ્રસેવાનો સંકલ્પ છે.'' આ મંત્ર માતૃભૂમિ પ્રત્યેની અખંડ ભકિત, સમર્પણ અને રાષ્ટ્રીય ગૌરવનું જીવંત પ્રતીક છે. કાર્યક્રમના અંતે અમર ડેરીના મેનેજિંગ ડિરેક્ટર ડો. આર.એસ. પટેલ દ્વારા આભારવિધિ રજૂ કરતાં જણાવેલ કે સહકાર દ્વારા સમૃદ્ધિના માર્ગને ચિહ્નિત કરતાં સ્વદેશી ઉત્પાદનના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. આ પ્રસંગે અમર ડેરીના ડિરેક્ટર ચંદુભાઈ રામાણી, રામજીભાઈ કાપડિયા, જનરલ મેનેજર ડી.આર. રામાણી, મેનેજરો તથા અમર ડેરીના કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.

# બાળકને વારસામાં આપવા જેવું છે : વાર્તા શાસ્ત્ર

## પગદંડી/લેખન



– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

આજથી લગભગ સો વર્ષ પહેલાં બાળકોની મુછાળી મા એવા ગિજુભાઈ બધેકાએ 'વાર્તાનું શાસ્ત્ર' નામે એક પુસ્તક લખ્યું હતું. વાર્તા કેમ કહેવી એ વિશેનું કદાચ વિનું એ પહેલું પુસ્તક હશે. મોબાઈલના અતિક્રમણ સમયે બાળકને સ્ક્રીનમાંથી કાઢવા માટે આ પુસ્તક સંજીવની સમાન લાગે છે. માતા–પિતાની વ્યસ્તતા કે વ્યસ્તતાનાં બહાનાઓના લીધે બાળક પાસે મોબાઈલ સિવાય બીજું કંઈ હાથવગું રહેતું નથી. આ ટેવ લાંબો સમય ચાલે એટલે એ વ્યસનનું સ્વરૂપ ધારણ કરે છે. હવે સમય પાકી ગયો છે કે માતા–પિતા પોતાના જીવનમાં પૈસા કમાવવાથી પણ વધુ અગ્રતા પોતાના બાળકને આપે અને જો એમ નહિ કરે તો બાળકોને મમ્મી કરતાં મોબાઈલ વધુ વહાલો લાગશે!

બાળકને સમય આપવા ઈચ્છતાં માતા–પિતાને મોટો પ્રશ્ન છે કે, બાળક સાથે કેવી રીતે સમય પસાર કરીશું? જેનો જવાબ છે વાર્તા અને બાળગીતો. આ બે પૈકી વાર્તા સૌથી અસરકારક માધ્યમ બની શકે. કેમ કે, વાર્તા કાનથી શીખવવાની છે. બાળકને ભાષા શીખવવા માટે એવું કહી શકાય કે ભાષા શીખવવાની નહીં પરંતુ સંભળાવવાની હોય છે. બાળક જેટલું સ્પષ્ટ સાંભળશે એટલું જ સ્પષ્ટ બોલશે. અહીં માતા–પિતાને વાર્તાના માધ્યમથી બાળક સાથે સંવાદ કરવાની ઉત્તમ તક મળે છે. સંશોધનો કહે છે કે, વાર્તા થકી અક્ષમ બાળકો પણ બોલતાં થઈ શકે છે. પરંતુ અફસોસ કે આપણે ત્યાં બાળસાહિત્ય માત્ર શાળા કે કોલેજોમાં અભ્યાસ પૂરતું સીમિત રહ્યું છે. અન્ય સાહિત્યની જેમ તેને ઉચ્ચતમ સ્થાન મળ્યું નથી. અન્ય વ્યવસાયો સાથે જોડાયેલાં માતા–પિતા આ ક્ષેત્રમાં ઝંપલાવે તે જરૂરી છે. જોકે આ દિશામાં કેટલાક તબીબોએ નૂતન પહેલ કરી છે.

બાળકને વાર્તા કહેવા માટે માતા–પિતાએ એ વાત સમજવી પડશે કે વાર્તાનો મુખ્ય હેતુ આનંદ, આનંદ અને આનંદ જ છે. વાર્તા દ્વારા કશું શીખવી દેવાનો ઉદેશ્ય ક્યારેય ન હોવો જોઈએ. કેમ કે બાળક માટે આનંદ એ જ સર્વસ્વ છે. વાર્તાનો હેતુ આનંદની સાથે બાળકની કલ્પનાશકિત વધે અને તેનામાં સંવાદ તથા નાટયકલાનો વિકાસ થાય તે છે. બાળકને જયારે વાર્તા કહીએ ત્યારે એક વાત યાદ રાખવી પડશે કે બાળક જે ઝીલે છે તે જ રિફલેક્ટ કરે છે. નાનું બાળક ઘરમાં, શેરીમાં કે અન્ય સ્થળે જે શબ્દ સાંભળે છે તે ક્યારેક ને ક્યારેક તો બહાર કાઢે જ છે. આ વાતનું ધ્યાન રાખીને વાર્તાના શબ્દોની પસંદગી યોગ્ય રીતે કરવી જોઈએ.

ગિજુભાઈએ બહુ સ્પષ્ટ કહ્યું હતું કે, વાર્તા કહ્યા પછી બોધ આપવાની સહેજ પણ જરૂર નથી. વાર્તામાં હાવભાવ, અભિનય અને આરોહઅવરોહનું ખૂબ મહત્ત્વ છે.




વાર્તા કહેતી વખતે એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે વાર્તામાં રસ ભંગ ન થાય અને સાતત્ય જળવાઈ રહે. બાળકની ઉંમર પ્રમાણે શબ્દોની પસંદગી પણ જરૂરી બને છે. અહીં આપણી પાસે બાળકના વૃદ્ધિ વિકાસનું જ્ઞાન પણ હોવું ઘટે.

માતા–પિતા તરીકે બાળકને વાર્તા કહેતાં શીખવું એ ટક્નોલાજીના સમયમાં અઘરું નથી. પરંતુ પોતે કશું ન કરીએ અને સીધો જ બાળકને મોબાઈલ આપી દઈએ તો તેમાં જોખમ રહેલું છે. જરૂર લાગે તો માતા–પિતાએ ઈન્ટરનેટના માધ્યમથી વાર્તા સાંભળી તેમાં પોતાના ભાવ જગતનો ઉમેરો કરી પોતાના બાળકની જરૂરિયાત પ્રમાણે વાર્તા કહેવી પડશે. હવે જયારે ગુજરાત સરકાર પણ બાળકોના મોબાઈલ એડિક્શન વિશે સતર્ક થઈ છે અને તેની પાલિસી બનાવવાનું વિચારી રહી છે ત્યારે માતા–પિતાએ આગોતરા આયોજન તરીકે પોતે વાર્તા અને બાળગીત શીખવાં જ રહ્યાં.

આજે ઈન્ટરનેટ પર અનેક ગુજરાતી વાર્તાકારોએ પોતાનું સર્જન પ્રસ્તુત કરેલું છે. ભાવનગરના ડો. દિગ્પાલસિંહ જાડેજા તથા પ્રો. રક્ષાબહેન દવેએ બાળકો માટે ઉત્તમ વાર્તાઓ પ્રસ્તુત કરી છે. આપણે આ વાર્તાઓ સાંભળીએ અને વાર્તા કહેવાની ક્ષમતા કેળવીએ.

બાળકના સર્વાંગી વિકાસની ચિંતા રીલ્સના કરતાં આપણે, સૌએ બાળકના હાથમાં સીધું મોબાઈલ નામનું યંત્ર આપીને ભૂલ તો કરી જ છે ! હવે સમય પાકી ગયો છે કે આ ભૂલ સુધારી લઈએ. શીખવા માટે મોબાઈલ સૌથી હાથવગું યંત્ર છે પરંતુ આ યંત્રની લગામ માતા–પિતાએ પોતાની પાસે રાખવી જ પડશે ! જે રીતે સતયુગમાં શબરીએ એક એક બોર ચાખીને ભગવાન શ્રીરામને આપ્યું હતું. તેવી રીતે માતા–પિતા તેમજ શિક્ષકોએ આનલાઈન મળતી સામગ્રીને ચેક કરીને જ બાળકને આપવી સલાહભર્યું છે.

આપણે બાળકને ક્ષમતાવાન બનાવવાની ઈચ્છા રાખીએ છીએ અને આપણા ભવિષ્ય વિશે ચિંતા કરીએ છીએ ત્યારે આપણા વારસદારને વિરાસતમાં શું આપવું જોઈએ ? સંપત્તિ અને સિદ્ધિઓની દોટમાં ક્યારેય ન ભુલાય એવા જીવનના ઘનિષ્ઠ અનુભવો વાર્તા થકી આપી શકાય છે. આ વાર્તાના વૈભવ દ્વારા બાળકને સંવેદનશીલ, સંસ્કારી અને સાચો માણસ બનાવી શકાય છે પરંતુ તેની પૂર્વશરત એ છે કે આપણી અગ્રતા બાળક હોવું જોઈએ ! આપ સૌના જીવનનો પ્રત્યેક પડાવ વાર્તાની માફક ખાધું, પીધું અને રાજ કર્યું જેવો બને એ જ અભ્યર્થના!

**શીખવા જેવું :** બાળકને કહેવામાં આવતી વાર્તા એ બાળમાનસમાં આંબો વાવવા જેવું કામ છે. વાર્તા થકી વિકસેલા બાળક રૂપી આંબાનાં મીઠાં ફળ આવનારી પેઢીને અમૃતનો ઓડકાર આપશે એ નક્કી છે!




# બાલ એક્સપ્રેસ




સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી

– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોક્સ


## ઢીંચણના – દુઃખાવાની કસરતો



(૭) ટેબલ પર ઢીંચણ સુધી પગ રાખી પગ ઉપર ૧ કિલોથી ૨ કિલો વજનથી શરૂ કરી ઢીંચણમાંથી પગ ધીમે ધીમે ઊંચો કરવો. તે જ ક્રમમાં પગ નીચે લાવવો.



(૮) પગ વાળવો વજન ખેંચીને.



(૯) પગ સીધો કરવો.




**તાવ :** તાવ રોગ નહી, પરંતુ રોગનું લક્ષણ છે. ગણ્યાગાંઠ્યા રોગને બાદ કરતાં મોટા ભાગના રોગો તાવ જેવા લક્ષણરૂપે પ્રગટ થયા વિના રહી શકતા નથી. તેથી પકડાઈ જાય છે. આવા સંદર્ભમાં જોઈએ તો તાવ એ શરીરમાંના રોગોને દર્શાવતું મીટર અને આપણો દોસ્ત ગણાય. માનવ શરીરનું સામાન્ય ઉષ્ણતામાન ૯૮.૬ સે. અથવા ૩૭ સેલ્સિયસ ગણવામાં આવે છે. આથી વધુ નોંધાય ત્યારે તેને તાવ આવ્યો તેવું કહેવાય છે. માપવા માટે જીભની નીચે બે મિનિટ થર્મોમીટર રાખવામાં આવે છે. આ સિવાય બગલમાં મૂકીને પણ માપવામાં આવે છે, ત્યાં મોઢા કરતાં એક ડિગ્રી ફેરનહીટ ઓછું નોંધાય છે. એકદમ તંદુરસ્ત વ્યકિતનું તાપમાન પણ દિવસના જુદા જુદા સમયે જુદું જુદું હોય છે. સામાન્ય રીતે પરોઢમાં બેથી ચારની વચ્ચે સૌથી ઓછું અને સાંજે ૬ થી ૧૦ની વચ્ચે સૌથી વધારે હોય છે. તાવ આવે ત્યારે એ વ્યકિતથી માંડીને ઘરના દરેક સભ્ય તાવના કારણનું અનુમાન કરવા લાગે છે. તાવ માટે જાતજાતના સાચા–ખોટા તર્ક સાંભળવા મળે છે. ડોકટર માટે પણ તાવ ચોક્કસ શેના કારણે આવ્યો એ નક્કી કરવું મુશ્કેલ હોય છે. ઠંડી વાઈને તાવ એટલે મેલેરિયા જ હોય તેવું નથી. પેશાબમાં પરૂ, કાકડામાં ચેપ, ન્યુમોનિયા, કમળો અને ટાઈફોઈડ વગેરે રોગોમાં પણ ઠંડી લાગે છે. તાવ સાથે પીળા કે લીલા ગળફાવાળી ખાસી આવતી હોય તો ભારે શરદી, સાઈન્યુસાઈટિસ અથવા ન્યુમોનિયાની શક્યતા હોય છે. સાઈન્યુસાઈટિસમાં માથાનો દુખાવો અને ન્યુમોનિયામાં છાતીમાં દુખાવો જોવા મળે છે. તાવ સાથે પેશાબમાં બળતરા થવાની અથવા વારંવાર થોડો થોડો પેશાબ થવાની ફરિયાદ હોય ત્યારે મૂત્રમાર્ગના ચેપની શક્યતાનો વિચાર કરવો પડે. પરિણીત સ્ત્રીઓમાં મૂત્રમાર્ગના ચેપના કારણે તાવ સામાન્ય રીતે જોવા મળે છે. તાવની સાથે શરીરના કોઈ પણ ભાગ પર ગૂમડાં કે સોજો જોવા મળે ત્યારે તે જ કારણે તાવ આવ્યો હોવાની શક્યતા વધારે હોય છે. જયારે તાવ સાથે ખૂબ માથાનો દુખાવો, વારંવાર ઊલટી અને બેભાનાવસ્થા જોવા મળે ત્યારે ઝેરી મેલેરિયા કે મગજનો સોજો (મેનિન્જાઈટિસ) વિચારવું. ટાઈફોઈડમાં તાવ સતત રહે અને બપોર પછી વધે, નોર્મલ થતો નથી. ૫–૭ દિવસ બાદ પેટની ગરબડ, કબજિયાત પછી ઝાડા, પેટનો દુખાવો અને અશકિત લાગે છે. ટીબીને કારણે આવતો તાવ દરરોજ સાંજે અને એકદમ ઓછો જોવા મળે છે. ભૂખ ન લાગે, વજન ઘટે અને ફેફસાંના ટીબીમાં લાંબા સમયની ખાંસી, હાંફ અને ક્યારેક ગળફામાં લોહી પડે છે. કમળો થાય એ પહેલા પણ ઘણા લોકોને તાવ આવે છે. તાવની સાથે ભૂખ ન લાગે, ઊલટી થાય, ખાવામાં કે સિગારેટ પીવામાં સ્વાદ આવતો નથી. આ સિવાય વાઈરલ ચેપના કારણે ફ્લૂ જેવા પણ હોઈ શકે, જેમાં તાવ સાંધાનો દુખાવો, ગળામાં દુખાવો, સુક્કી ખાંસી જોવા મળે છે. વાઈરલ તાવમાં ડેન્ગ્યુ, ચિકનગુનિયા, સ્વાઈનફ્લૂ જેવા ઘણા આવી શકે. તાવમાં આટલા બહુ જ સામાન્ય કારણો ઉપરાંત બીજાં સેંકડો કારણો હોઈ શકે. જો તાવ લાંબા સમય સુધી ચાલે તો દર્દીની ખાસ તપાસ કરીને તાવનાં બીજાં અસામાન્ય કારણો પર પ્રયાન આપવું પડે છે. તાવ પાંચ વર્ષથી નીચેના બાળકોમાં કોઈ વાર આંચકી લાવે. તેથી તેમાં તાત્કાલિક ઉતારવો સારો. તાવ એ શરીર માટે ઉપયોગી રિએક્શન હોવાને કારણે અને પુખ્ત ઉંમરની વ્યકિતમાં નુકસાન થતું ન હોવાથી તાવની ચિંતા કરવાની જરૂર નથી. **સારવાર:** વધારે તાવ ઉતારવા માટે આખા શરીર પર ઠંડા પાણીનાં પોતાં મૂકવા. શક્ય એટલા ઓછા કપડાં પહેરાવવાં. કંઈ ઓઢાડ્યા વગર દર્દીને ખુલ્લી હવામાં કે પંખા નીચે રાખવો. એસી હોય તો તેવા રૂમમાં દર્દીને રાખવો, જયારે તાપમાન ૧૦૬ ફે.(૪૧૦ સેલ્સિયસ) કરતાં વધારે હોય ત્યારે ઠંડા બરફના પાણીથી ભરેલા ટબમાં ઝબોળવો અથવા બરફ સીધો ઘસવો. **ખોરાક :** બેક્ટેરિયા કે વાઈરસના હુમલાનો સામનો કરવા શરીરની અંદર તાકાત જળવાઈ રહે એવા હેતુથી પૌષ્ટીક ખોરાક, સુપાચ્ય અને ડોક્ટરની સલાહ પ્રમાણે આપવો. ખોટી માન્યતાઓથી દોરવાઈ નજવું. **દવાઓ :** ડોક્ટરની મદદ મળે ત્યાં સુધી પેરાસીટામોલ દવા આપવી. આનાથી માત્ર બે–ચાર કલાક તાવ કાબૂમાં રહે. જડમૂળથી હટાવવા તાવનું કારણ જાણી તપાસના અંતે ડોક્ટરની સલાહ પ્રમાણે દવા પ્રમાણમાં, સમયસર અને પૂરતી માત્રામાં લેવી.

# કાકા કાલેલકર




૩૫. મરાઠીનું વાચન

દરેક જણે પડોશના પ્રાન્તોની ભાષા જાણવી જોઈએ, એ બાપુજીનો આગ્રહ હતો.

જયારે હું આશ્રમની શાળામાં જોડાયો, ત્યારે અભ્યાસક્રમમાં બાપુજીએ ગુજરાતી, હિંદી અને સંસ્કૃત ઉપરાંત મરાઠી ભાષા પણ એક વિષય તરીકે રાખી હતી. એક વાર એમણે કહેલું કે, ''દક્ષિણ આફ્રિકાના ગિરમીટિયાઓની સેવા કરવા સારૂ જયારે હું તામિલ ભાષા શીખ્યો ત્યારે મુંબઈ ઈલાકામાં રહી મરાઠી ન જાણું એ કેમ ચાલે ?''

મરાઠી શીખવાની આ તક એમને યરવડા જેલમાં મળી. એમણે મારી મદદથી મરાઠી શીખવાનો મનસૂબો કર્યો. મામૂલી કેદીઓ માટે જેમતેમ રાખેલા પુસ્તકાલયમાંથી મરાઠીનાં ચારપાંચ પાઠ્યપુસ્તકો મળ્યાં. એ લઈને અમે કામ શરૂ કર્યું. બાપુજી વાંચતા જાય અને હું શબ્દોનો અર્થ કરતો જાઉં. જયાં ન સમજાય ત્યાં પૂછે. રોજ અમુક મિનિટો જ મરાઠીને અપાતી. એક દિવસે કવિતાના પાઠમાં માણસના હસ્તાક્ષર વિશે 'દાસબોધ'માં આવેલી રામદાસ સ્વામીની પંકિતઓ હતી.

બાપુજીને એ પંકિતઓ એટલી બધી ગમી કે એમણે એ લખી કાઢી, અનેક વાર વાંચી અને જયાં ન સમજાયું ત્યાં પૂછી લીધું. એટલેથી જ સંતોષ ન થતાં, એ આખો ફકરો પોતે ઉતારી કાઢ્યો, આશ્રમ પરના સાપ્તાહિક પત્ર સાથે મોકલી દીધો અને સૂચવ્યું કે આશ્રમવાસીઓએ તે ધ્યાનપૂર્વક વાંચી મોઢે કરવો. બાપુજીના પોતાના અક્ષર સારા નહીં, એટલે સારા અક્ષરોની કદર એમની પાસે વિશેષ હતી ! મરાઠી વાંચતાં વાંચતાં એક દિવસે 'આલ્ફ્રેડ ધી ગ્રેટ'નો પાઠ આવ્યો. ઈંગ્લંડનો એ પ્રાચીન રાજા એક વાર શત્રુથી હારીને અજ્ઞાતવાસમાં એક ડોસીને ત્યાં રહ્યો હતો. ડોસીએ રોટલી શેકવાનું કામ એને સોંપ્યું. પોતાની ચિંતામાં ને ચિંતામાં આલ્ફ્રેડનું ધ્યાન રોટલી તરફ ન રહ્યું અને એ બળી ગઈ. ડોસીએ એને એ બેદરકારી માટે ઠીક ઠપકો આપ્યો. એ પાઠ અમે સાથે વાંચ્યો, પછી જયારે જયારે મારે હાથે ગફલત થાય, અમુક વસ્તુ હું ભૂલી જાઉં અથવા ધ્યાન ઓછું આપું ત્યારે ત્યારે બાપુજી મને 'કિંગ આલ્ફ્રેડ' કહેતા !

# ટૂથબ્રશની શોધ



સવાર પડતાંની સાથે જ આપણે સૌથી પહેલાં જે વસ્તુનો ઉપયોગ કરીએ છીએ તે છે ટૂથબ્રશ. મોંની સ્વચ્છતા માટે ટૂથબ્રશ ખૂબ જ જરૂરી છે. ટૂથબ્રશ વગર આપણને એક દિવસ પણ ચાલતું નથી. બ્રશ કરવાથી મોંની દુર્ગંધ દૂર થાય છે, દાંત ચોખ્ખા થાય છે, દાંતને કેવેટી સામે રક્ષણ મળે છે. હવે તો લોકો સવારની જેમ રાત્રે સૂતી વખતે પણ બ્રશ કરે છે, પરંતુ નાનપણથી ટૂથબ્રશની આપણને આદત પાડવામાં આવી છે.

દાંતને સાફ રાખવાનું કામ તો લોકો સદીઓથી કરતા આવ્યા છે, પરંતુ તેના માટે અલગ–અલગ વૃક્ષોની કૂણી ડાળીઓ, રાખ, ફટકડી કે અન્ય વસ્તુઓનો ઉપયોગ થતો, પરંતુ આજે આપણે જે ટૂથબ્રશનો ઉપયોગ કરીએ છીએ તે અનેક પ્રકારના ફેરફારો કે સુધારાઓના અંતે આપણને મળ્યું છે.

### પ્રાચીન સમયમાં ટૂથસ્ટિકનો ઉપયોગ થતો

મનુષ્ય પહેલાં પોતાના દાંતની સફાઈ માટે સુગંધિત વૃક્ષો કે લીમડા–બાવળ વગેરે વૃક્ષોની કૂણી કળીઓનો ઉપયોગ કરતો હતો. મિસરના કેટલાક પ્રાચીન મકબરાઓમાં દફન મમી પાસે જે સામાન મૂકવામાં આવતો હતો. તેમાં ટૂથસ્ટિક પણ મળી આવી છે. ટૂથસ્ટિક સહિતની વસ્તુઓ મૂકવાનો ઉદ્દેશ જેની મમી છે તે વ્યકિત મૃત્યુ બાદ પણ તે વસ્તુનો ઉપયોગ કરી શકે તેવો હતો. વાસ્તવમાં આપણે જે ટૂથબ્રશને આજે જોઈએ છીએ, તેની શોધ ઈ.સ.૧૯૩૮ સુધી નહોતી થઈ. એટલે કે ટૂથબ્રશ શોધાયાને હજુ સો વર્ષ પણ પૂરાં થયાં નથી. જોકે, પૂર્વે ૩૦૦૦થી ટૂથબ્રશ અનેક સ્વરૂપે અસ્તિત્વમાં છે.

ગ્રીક અને રોમન ગ્રંથોમાં લોકો દ્વારા દાંતની સફાઈ માટે ટૂથસ્ટિક (ઝાડની ડાળી)નો ઉપયોગ કરવાનો ઉલ્લેખ જોવા મળે છે. દાંત સાફ કરવાની અન્ય રીતોમાં દાંત ધોવા તથા લૂછવા માટે કપડાનો ઉપયોગ પણ થતો હતો. આ કપડાને સલ્ફર તેલ અથવા સલાઈન સોલ્યુશનમાં ડબોળીને ઉપયોગ કરવામાં આવતો હતો. આ સિવાય અન્ય એક પ્રથા પણ પ્રચલિત હતી, જેમાં બેકિંગ સોડા (સોડિયમ બાયકાર્બોનેટ)ને સીધો દાંત પર ઘસી દેવામાં આવતો હતો, જે ટૂથપેસ્ટ બનાવવાના મુખ્ય ઘટકોમાંથી એક હતો.

### ચીનમાં શોધાયું હતું પહેલું ટૂથબ્રશ

૨૬, જૂન, ૧૪૯૮ના રોજ ચીનના સમ્રાટ હોંગઝીએ પોતાના વ્યકિગત ઉપયોગ માટે ટૂથબ્રશ બનાવ્યું હતું. એટલું જ નહીં, પણ તેની પેટન્ટ પણ કરાવી હતી. આ ટૂથબ્રશની ખાસિયત એ હતી કે તેને સૂઅર (ભૂંડ)ની ગરદનની પાછળથી કાઢવામાં આવેલા સખત મોટા વાળથી બનાવવામાં આવ્યું હતું.

આ વાળને હાડકાં અથવા તો વાંસના ટુકડા રૂપી હેન્ડલમાં ફિટ કરી દેવામાં આવતા. રસપ્રદ વાત એ છે કે સૂઅરના વાળમાંથી બનેલા ટૂથબ્રશનો ઉપયોગ છેક ઈ.સ. ૧૯૩૮ સુધી કરવામાં આવતો હતો. જોકે, આ ટૂથબ્રશની ખામી એ હતી કે તે સૂઅરના કઠોર વાળથી બનેલું હતું અને ક્યારેક તે પેઢાં પણ છોલી નાખતું હતું. છતાં આ ટૂથબ્રશ ચીનથી નીકળીને યુરોપ સુધી પહોંચી ગયું. ઈંગ્લેન્ડ તો ચીન પાસેથી ૨૦મી શતાબ્દી સુધી આ ટૂથબ્રશ ખરીદતું રહ્યું.

### આધુનિક યુગના ટૂથબ્રશની શોધ

આધુનિક યુગના ટૂથબ્રશની શોધ ઈંગ્લેન્ડના એક કેદી વિલિયમ એડીઝે ઈ.સ. ૧૭૮૦માં કરી હતી. જેલમાંથી છૂટયા પછી વિલિયમે એક ટૂથબ્રશ કંપની શરૂ કરી કે જે આજે પણ વર્ષે સાત કરોડ ટૂથબ્રશ બનાવે છે. ઈ.સ.૧૮૫૭માં અમેરિકાએ આ શોધની પેટન્ટ કરાવી હતી. જોકે, ટૂથબ્રશ કરવાવાળા લોકોની સંખ્યામાં બીજા વિયુદ્ધ પછી વધારો થયો. ઈ.સ. ૧૮૮૫ સુધીમાં અમેરિકામાં ટૂથબ્રશનું મોટાપાયે ઉત્પાદન શરૂ થઈ ગયું હતું.

### ઈ.સ.૧૯૩૦માં નાયલોનનાં બ્રશ બનવાનાં શરૂ થયાં

નાયલોનની શોધ થયા પછી ઈ.સ. ૧૯૩૦ના દશકામાં નાયલોનમાંથી બ્રશ બનાવવાનાં શરૂ થયાં. એટલે કે જાનવરોના વાળની જગ્યાએ નાયલોનનો ઉપયોગ થવા લાગ્યો. ઈ.સ. ૧૯૩૮ પછી નાયલોનના બ્રશનો લોકો મોટા પાયે ઉપયોગ કરવા લાગ્યા. અમેરિકાના લોકો બીજા વિયુદ્ધમાં ભાગ લેનાર સૈનિકોની સ્વચ્છતાની આદતથી ખૂબ જ પ્રભાવિત થયા અને નાયલોન ટૂથબ્રશને અપનાવી લીધા.

### પહેલું ઈલેક્ટ્રિક ટૂથબ્રશ ઈ.સ.૧૯૩૯માં બન્યું

ઈ.સ. ૧૯૩૯માં એક સ્વિસ ઈલેક્ટ્રિક ટૂથબ્રશ બનાવવામાં આવ્યું, પરંતુ વાસ્તવમાં પહેલું સફળ ઈલેક્ટ્રિક ટૂથબ્રશ ઈ.સ.૧૯૬૧



બાલમિત્રો,

શાળાઓ ખલી ગઈ. થોડા દિવસોમાં ભણવાનું પણ શરૂ થઈ જશે. તમારા શૈક્ષણિક વર્ષનું દ્વિતિય સત્ર છે. હવે પછી જે કંઈ ભણાવવામાં આવશે તે વાર્ષિક પરિક્ષા માટેનું હશે. છ માસિકમાં તમારૂ જે પરિણામ આવ્યું હશે તેને આધારે હવે તમારે અભ્યાસનું આયોજન કરવાનું છે. જે વિદ્યાર્થી પોતાના ભણવાનું આયોજન કરે છે. તે જરૂર સફળ થાય છે. વેપારી, ડોકટર કોઈપણ વ્યકિત આયોજન સાથે આગળ વધે તેમને સફળતા મળે જ મળે છે.

સાથો સાથ તમારી ઈત્તર પ્રવૃતિઓ પણ કરજો. જેથી બુધ્ધિનો વિકાસ થાય આત્મવિશ્વાસ વધે નવી માહિતી, જ્ઞાન મળે. માત્ર ચાર દિવાલમાં ભણાવાથી પૂર્ણ જ્ઞાની થવાતું નથી. એને માટે મહેનત કરવી પડે છે. માટે હવેનું સત્ર તમારા માટે અગત્યનું છે. માટે ધ્યાન આપી ભણજો અને આગળ વધજો.



# કચેરીમેં જાઊંગા




એક હતો ઉંદર. એક વાર તે ગામમાં જતો હતો. ત્યાં રસ્તા ઉપરથી તેને એક લૂગડાનો કટકો જડયો. આગળ ચાલ્યો ત્યાં એક દરજીની દુકાન આવી. દરજી સામે જોઈ તેણે કહ્યું : 'અરે એ દરજી! આ લૂગડાની જરા ટોપી સીવી દેજે, સારી મજાની સીવજે હોં !'


દરજીએ કહ્યું : 'ઈ કોણ છે વળી ?' ઉંદર કહે : 'એ તો હું ઉંદર છું, આ જરા ટોપી સીવી દે, ટોપી ! વાર કેમ લગાડે છે ?'દરજી કહે : 'ચાલતો થા, ચાલતો. આ ગજ ઉપાડીને મારીશ ના, તો મરી જઈશ, મરી !'ઉંદર કહે : 'શું બોલ્યો ? આ ટોપી સીવી દેછે કે નહિ ? કેમ, નથી સીવી દેવી ? જોજે હો, ટોપી સીવી નહિ દે તો –'કચેરીમેં જાઊંગા, સિપાઈ કું બુલાઊંગા,બડે માર દેઊંગા, તમાસા દેખૂંગા.'દરજી કહે : 'શું બોલ્યો, ઉંદરડા ! ફરી બોલ જોઈએ ફરી !'ઉંદર કહે :'કચેરીમેં જાઊંગા, સિપાઈ કું બુલાઊંગા,બડે માર દેઊંગા, તમાસા દેખૂંગા.'દરજી તો એકદમ બી ગયો ને બોલ્યો : 'ભાઈશા'બ ! કચેરીમાં જઈશ મા. લાવ તારૂ લૂગડું, તને ઝટ ઝટ ટોપી સીવી દઉં.'પછી ઉંદરને ટોપી સીવી દીધી, એટલે ઉંદરભાઈ ટોપી પહેરીને રોફમાં ને રોફમાં ચાલ્યા. આગળ ગયા ત્યાં એક ભરત ભરનારની દુકાન આવી. ભરત ભરનારની સામે જોઈને ઉંદરે કહ્યું : 'અબે એ ભરત ભરવાવાલા! આ ટોપીમાં જરા ભરત ભરી દેજે.'ભરત ભરવાવાળાએ ઉંદરની સામે જોયું અને કહ્યું : 'કોણ, ઈ ઉંદરડો છે કે ? ચાલતો થા, ચાલતો. અહીં કોણ નવરો બેઠો તે ભરત ભરવા ?'

ઉંદર કહે : 'કેમ, ભરત ભરી દેવું છે કે નહિ ? ભરત ભરી દેવું જ પડશે. આ ઉંદરભાઈને ઓળખે છે ?'ભરતવાળો કહે : 'હવે ચાલ્યો જા, ચાલ્યો. આ સોય મારીશ ના, તો મરી જઈશ, મરી !'

ઉંદર કહે : 'એમ કે ? ઠીક છે ત્યારે, તો તને ખબર પાડીશ.''કચેરીમેં જાઊંગા, સિપાઈ કું બુલાઊંગા,બડે માર દેઊંગા, તમાસા દેખૂંગા.'ભરતવાળો કહે : 'ભાઈશા'બ! કચેરીમાં જઈશમા અને સિપાઈને બોલાવીશ મા. લાવ તારી ટોપી, ઝટ ભરત ભરી દઉં.ઉંદરભાઈ તો ટોપીને ભરત ભરાવી માથે ઓઢી રોફમાં ચાલ્યા. આગળ જતાં એક મોતીવાળાની દુકાન આવી. ત્યાં ઉંદરે મોતીવાળાની સામે જોઈને કહ્યું : 'અરે, એ મોતીવાળા ! દેખે છે કે ? આ ટોપીમાં જરા મોતી ભરી દે, મોતી.'મોતીવાળાએ ચિડાઈને કહ્યું : 'કેમ, મોતી કાંઈ મફતબપત આવે છે ? મોતીના પૈસા પડે છે, પૈસા.'ઉંદર કહે : 'એમ ? પૈસા પડે છે, ખરૂ કે ? ઠીક છે, તને પણ જોઈ લઉં છું.''કચેરીમેં જાઊંગા, સિપાઈકું બુલાઊંગા,બડે માર દેઊંગા, તમાસા દેખૂંગા.'મોતીવાળો તો એકદમ ડરી ગયો ને બોલ્યો : 'અરે ભાઈ ! કચેરીમાં જાશો મા અને સિપાઈને બોલાવશો મા. હમણાં જ ટોપીમાં મોતી ભરી આપું છું.'પછી ઉંદરભાઈ મોતી ભરેલી ટોપી પહેરીને ચાલ્યા. રસ્તા ઉપર એક ડમરૂં વેચવાવાળો બેઠો હતો. તેના પાસેથી ઉંદરે ડમરૂં માગ્યું, એટલે તેણે તુરત જ ડમરૂં આપી દીધું. પછી ઉંદરભાઈ માથે ટોપી ઓઢીને ડમરૂં વગાડતા વગાડતા ચાલ્યા.'ડુમ ડુમ ડુમાક, ડુમ ડુમ ડુમાક,''ડુમ ડુમ ડુમાક, ડુમ ડુમ ડુમાક,'રાજાના મહેલ આગળ જઈને ઉંદરભાઈ જતા હતા ત્યાં તેણે રાજાને જોયો. એટલે ઉંદરભાઈ બોલ્યા :'રાજા કરતાં મારી ટોપી સારી, સારી, રાજા કરતાં મારી ટોપી સારી, સારી.'(રાજા પેક્ષાં માઝી ટોપી ચાંગલી, ચાંગલી,રાજા પેક્ષાં માઝી ટોપી ચાંગલી ચાંગલી) રાજા કહે : 'આ વળી કોણ? મારા કરતાં ઉંદરડાની ટોપી સારી કહે છે ? એલા લઈ લો એની ટોપી ! ઉંદરની ટોપી સિપાઈઓએ લઈ લીધી એટલે ઉંદરભાઈ ડમરૂં વગાડતા વગાડતા બોલ્યા :'રાજા ભિખારી, મારી ટોપી લીધી,

રાજા ભિખારી, મારી ટોપી લીધી.''ડુમ ડુમ ડુમાક, ડુમ ડુમ ડુમાક,'ડુમ ડુમ ડુમાક, ડુમ ડુમ ડુમાક,('રાજા ભિખારી, માઝી ટોપી ઘેતલી) રાજા ભિખારી, માઝી ટોપી ઘેતલી.')રાજા કહે: 'હું કાંઈ ભિખારી નથી ! આપી દો એને એની ટોપી પાછી !'રાજાએ ઉંદરને ટોપી પાછી આપી દીધી એટલે ઉંદર કહે :'રાજા મારાથી બીનો, મારી ટોપી દીધી,રાજા મારાથી બીનો, મારી ટોપી દીધી.'(રાજા માલા ભ્યાલા, માઝી ટોપી દીલી,રાજા માલા ભ્યાલા, માઝી ટોપી દીલી.)'ડુમ ડુમ ડુમાક, ડુમ ડુમ ડુમાક,'ડુમ ડુમ ડુમાક, ડુમ ડુમ ડુમાક,પછી ઉંદરભાઈ તો ડમરૂં વગાડતા વગાડતા અને ઉપર પ્રમાણે બોલતા બોલતા ચાલ્યા ગયા.

## પ્રયોગ : ચાલો બનાવીએ નાચતો બોલ




સાધનો :– એક છરો, બે પ્લાસ્ટિકની નળી જેમનો અંદરનો વ્યાસ છરાના વ્યાસ કરતાં નાનો હોય (નળી ૧ અને ૩), એક પ્લાસ્ટિકની નળી કે જેનો વ્યાસ છરાના વ્યાસ કરતાં થોડો વધુ હોય. (નળી ૨), એક મોટો ફુગ્ગો, દોરી, કાતર. તૈયારી:– પ્રથમ એક પ્લાસ્ટિકની નળી – ૩ લો. જેના એક છેડે ફુગ્ગો દોરી વડે ચુસ્ત બાંધો. આ નળીનો ઉપરનો ભાગ આકૃતિમાં બતાવ્યા મુજબ કાતરથી વધારે ત્રાંસો કાપો. નળી – ૩ સાથે નળી – ૨ ફીટ કરો. આ નળીમાં છરો નાંખો આ છરો નળી – ૩ નો છેદ ત્રાંસો હોવાથી ફીટ નહીં થાય. હવે નળી – ૨ સાથે નળી – ૧ ફીટ કરો.
ડાન્સિંગ બોલ ડાન્સ કરવા તૈયાર છે. રમવાની રીત : નળી – ૧ માંથી ફૂંક મારી ફુગ્ગા ફુલાવો. નળી–૩નો છેદ ત્રાંસો હોવાથી છરો નળી – ૩ પર ફીટ થતો નથી. તેથી છરાની બાજુમાંથી હવા પસાર થઈ સરળતાથી ફુગ્ગો ફુલાવશે. ફુગ્ગામાં વાતાવરણના દબાણ કરતાં હવાના ભારે દબાણનું નિર્માણ થશે. હવે ફુગ્ગામાં હવા ભરવાની બંધ કરતાં ફુગ્ગાની હવા બહાર નીકળવા પ્રયત્ન કરશે તેથી છરો નળી – ૧ના મુખ પર ફીટ થશે. (આકૃતિ–૨ મુજબ) તેથી હવા બહાર નીકળી શકશે નહીં. હવે ઉપરની નળી–૧ના ખુલ્લા છેડાને આંગળી વડે બંધ કરો. જેથી છરાની બંને બાજુએ હવાનું દબાણ સરખું થતાં છરો (નળી–૩ પર) નીચે જશે. આંગળી લઈ લેતાં છરો પાછો ઉપર આવશે.

આ રીતે હવાના દબાણના ફેરફારને કારણે છરો નળીમાં ડાન્સ કરશે.

# અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે વંદેમાતરમ્ ગીતની સાર્ધસતી વર્ષ નિમિત્તે ઉજવણી



દેશની આઝાદીમાં પ્રાણ પુરનારો મંત્ર એટલે વંદે માતરમ્, આ ગીતની રચના ૧૮૭૫માં બંગાળના મહાન રાષ્ટ્રભકત કવિ બંકીંગચંદ્ર ચટ્ટોપાધ્યાયદ્વારા કરવામાંઆવેલઅને આગીતને ''આનંદમઠ'' નવલકથામાં પ્રકાશિત કરવામાં આવેલ. અદ્ભુત પ્રાકૃતિક સૌંદર્ય, વિવિધ પ્રકારની ભોગોલિક સ્થિતિ તેમજ અણમોલ સંસ્કૃતિક વારસો ધરાવતો ભારત દેશ એ ફકત ભૂમિભાગ નથી પરંતુ દેશવસીઓ માટેમાત્રુતુલ્યછે, વંદેમાતરમગીતમાંઆ ભાવનાનો ભાવસભર રીતે નિરૂપણ કરવામાં આવેલ છે. વંદે માતરમની રચનાને ૧૫૦ વર્ષ થતા હોય તથા આ ગૌરવ પૂર્ણઘટનાનીદેશભરમાંઉજવણી કરવામાં આવી રહી છે, દેશના યશસ્વી પ્રધાનમંત્રીઆદરણીયનરેન્દ્રભાઈ મોદી દ્વારા સમગ્ર દેશમાં વંદેમાતરમ ગીતનું મહિમા ગાન થાય એ હેતુથી રાષ્ટ્રજોગ કાર્યાક્રમ જાહેર કરવામાં આવેલ છે. આ અંતર્ગતઆજ તા.૭નવેમ્બર શુક્રવારના રોજ અમરેલી જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીની ઉપસ્થિતિમાં વંદેમાતરમ સંપૂર્ણગીતનુંસમૂહગાન કરવામાંઆવ્યું તેમજ વડાપ્રધાન મોદીજીએ કરેલ આહવાનઅન્વયે ''હરઘરસ્વદેશીઘર–ઘરસ્વદેશી''અભિયાનનેઆગળવધારતા શપથ લેવામાં આવ્યા. આ કાર્યાક્રમના ઈન્ચાર્જ દીપકભાઈ વઘાસીયાએ વંદેમાતરમ્ગીતનીરચનાઅનેતેનીઆજ સુધીનીસફરવિષેમનનીયજાણકારીઆપી હતી. આ કાર્યક્રમમાં જીલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, પ્રદેશ મહિલા મોરચાના મંત્રી ભાવનાબેન ગોંડલીયા, પ્રદેશબક્ષીપંચમોરચાનામંત્રી મયુરભાઈ માંજરીયા, અમરેલી શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ ચોટલીયા, અમરેલી તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ કાનપરીયા તેમજ જીલ્લા ભાજપ આગેવાનો અનિગીરી ગોસાઈ, કેતનભાઈ ઢાંકેચા, વિપુલ ભટ્ટી, જલ્પેશભાઈ મોવલીયા, અરવિંદભાઈ રૈયાણી, કાળુભાઈ વાળા, રાજેશભાઈ સુરાણી, પ્રવિણભાઈ ચાવડા, રાકેશ સાવલિયા, અલ્કાબેન ગોંડલીયા, મૌલિક ઉપાધ્યાય, પંકજ સોલંકી, રેખાબેન પરમાર, આરતીબેનઅટારા, પ્રવિણાબેન રાઠોડ, દેવરાજબાબરીયા, ડેનીપરમાર, તેજસઢોણે, સુનીલરાજયગુરૂ, કમલેશ સોલંકી, ગૌરવ મહેતા, નંદાબાપા, કાર્યાલય મંત્રી મહેન્દ્ર ચાવડા તેમજ અમરેલીનાકાર્યકર્તાઓઉપસ્થિતરહયા હતા તેમ જીલ્લા ભાજપની અખબારી યાદીમાંજણાવ્યુંછે.

## પાના ૧ ઉપરનું ચાલું રૂપિયા ૧૦ હજાર કરોડનું પેકેજ

જાણી હતી.'

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વધુમાં જણાવ્યું કે, રાજયભરના ખેડૂતોના પાકને થયેલા વ્યાપક નુકસાન સામે તેમની લાગણીને ધ્યાને રાખીને રાજ્ય સરકાર દ્વારા ધરતીપુત્રો માટે આશરે રૂપિયા ૧૦ હજાર કરોડના રાહત-સહાય પેકેજની જાહેરાત કરું છું. આ ઉપરાંત, રાજ્ય સરકાર ૯ નવેમ્બરથી ખેડૂતો પાસેથી ટેકાના ભાવે આશરે રૂ. ૧૫,૦૦૦ કરોડથી વધુના મૂલ્યની મગફળી મગ, અડદ અને સોયાબીનની ખરીદી કરવા પણ જઈ રહી છે. અન્નદાતાઓની આર્થિક સુખાકારીની ચિંતા પોતાના માથે લઈને રાજ્ય સરકાર તેમની સહાયતા માટે હંમેશા પ્રતિબદ્ધ હતી, છે અને રહેશે તેવો વિશ્વાસ આપું છું.'

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી અને કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રીએ મગફળી, અડદ, મગ અને સોયાબીનની ખરીદી માટે સાર્વજનિક રીતે ટેકાના ભાવની ખરીદીની જાહેરાત કરી હતી. જીસ્જીથી જાણકારી આપવામાં આવશે અને તે પ્રમાણે ખેડૂતો તેમનો જથ્થો પહોંચાડશે.

કેન્દ્ર સરકારે ટેકાના ભાવના વધારામાં જાહેરાત કરી છે ત્યારે નિયમ પ્રમાણે ખરીદ કેન્દ્રો દ્વારા ખરીદી થશે અને જરૂર પ્રમાણે સબ સેન્ટર પણ ખોલવામાં આવશે. ૧૨૫ મણ ખેડૂતની ખરીદી કરવાની સૂચના રાજ્યની સરકારે આપી છે. કેન્દ્રનાં નિયમો મુજબ નિર્ણય લેવામાં આવ્યો છે અને સમગ્ર દેશમાં આ પ્રમાણે ખરીદી થઈ હતી. ભારત સરકારે મગફળીના ભાવ, મગના ભાવની ખરીદીમાં વધારો કર્યો છે. ભારત સરકાર નિયમ પ્રમાણે ૨૫ % ની ખરીદીની જોગવાઈ છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા એનાથી વધુ ખરીદી થાય એ પ્રમાણે સપ્રમાણમાં ખરીદી કરી શકાય એ પ્રમાણે સરકાર ખરીદી કરશે. જ્યારે રાહત પેકેજ માટે સરકાર દ્વારા કોઈ જાહેરાત કરવામાં આવી નથી.

૭૨૬૩ રૂ. પ્રતિ ક્વિન્ટન કિંમતે મગફળી ખરીદી કરવામાં આવશે. ગત વર્ષે ૩.૫ લાખ ખેડૂતોની નોંધણી થઈ હતી, અને સરકાર ખેડૂતોની બજાર બહાર મદદ કરી હતી. આ વખતે ૯.૫ લાખ મગફળીનું વાવેતર છે અને ગત વર્ષની સરખામણીએ ઓછું હતું. તેમણે જણાવ્યું કે આગમી સમયમાં જરૂરી પરિપત્રો કરવામાં આવશે. કમોસમી વરસાદના નુકસાનને જોતા નિયમો મુજબ જ ખરીદી થશે.

૩૧મી ઓકટોબર, ૨૦૨૪માં કમોસમી વરસાદ અને અતિવૃષ્ટિ થતા ખેતીને વ્યાપક નુકસાન પહોંચ્યુ હતું. નવાઈની વાત એ છે કે, ખુદ રાજ્યસભામાં કેન્દ્રએ ખુલાસો કર્યો કે, ગુજરાત સરકારે અતિવૃષ્ટિનો કોઈ અહેવાલ જ મોકલ્યો નથી. આ જોતાં સહાય આપવાનો કોઈ સવાલ જ ઊભો થતો નથી. ૩૧ ઓકટોબર સુધીમાં અહેવાલ મોકલવાનો હોય છે પણ સરકારે તસદી જ લીધી નહીં. વર્ષ ૨૦૧૯માં રાજ્ય સરકારે રૂ. ૩૭૫૦ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કરાયુ હતું. પણ તે વખતે પાક વિમા યોજના અમલમાં હતી પરિણામે ખેડૂતોને રૂ. ૧૦ હજાર કરોડનો આર્થિક ફાયદો પહોંચ્યો હતો. ખેડૂતોનું કહેવુ છે કે, આ વખતે ભલે સરકાર કરોડોનું પેકેજ જાહેર કરે પણ પાક વિમા યોજના બંધ કરાઈ છે ત્યારે માત્ર સહાયનો જ લાભ મળશે તે અપૂરતુ સાબિત થશે. ખેડૂતોની આર્થિક ખોટ સહાયથી સરભર થાય તેમ નથી. આ કારણોસર ખેડૂતોમાં અસંતોષ ભભૂકશે તેમાં બે મત નથી.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં સીઝનનો

પડેલા વરસાદના આંકડાઓ પર નજર નાખીએ તો સૌથી વધારે વરસાદ રાજુલામાં ૧૨૮૯મી.મી. જયારે સૌથી ઓછો વરસાદ લાઠીમાં ૫૨૨ અને ધારીમાં ૫૨૯ મી.મી.વરસાદ નોંધાયો છે. ૧૧થી૮તાલુકામાં૧૦૦%કરતાપણ વધારેવરસાદ પડી ગયો છે.

અમરેલી જિલ્લામાં આજ સુધીમાં કુલ વરસાદમાં જોઈએ તો કુંકાવાવમાં ૧૦૭૯ મી.મી; બાબરામાં ૮૭૧ મી.મી; લાઠીમાં ૫૨૨ મી.મી; લીલીયામાં ૬૬૭મી.મી; અમરેલી ૭૫૨ મી.મી; બગસરામાં ૬૯૯ મી.મી; ધારીમાં ૫૨૯ મી.મી; સાવરકુંડલામાં ૯૩૩ મી.મી; ખાંભામાં ૮૧૭ મી.મી; જાફરાબાદમાં ૮૫૭ મી.મી; જયારે રાજુલામાં ૧૨૮૯ મી.મી; વરસાદ નોંધાયો છે.

## પાના ૮ ઉપરનું ચાલું આપ પ્રમુખ ઈશુદાન ગઢવી

ખેડુતો માટે રૂા. ૧૦,૦૦૦ કરોડની જાહેરાત કરી છે એ ખેડુતોની એકતાની જીત છે.

વધુમાં જણાવેલ છે કે, આમ આદમી પાર્ટીએ ખેડુતો સાથે અન્યાય બાબતે સુદામડા ખાતે કિસાન મહાપંચાયત કરી જેમાં હજારોની સંખ્યામાં ખેડુતો ઉમટી પડયા હતા અને પોતાની વેદના વ્યકત કરી જે ગુજરાતના ખૂણેખૂણેસુધી પહોંચી હતી. અને આખરે સરકારે ખેડૂતોની એકતાને લઈને સહાયની જાહેરાત કરવી પડી.

સરકારે જે સહાયની જાહેરાત કરી છે તેમાં ખેત મજૂરો અને ભાગ્યાઓ માટે સહાયનો કોઈ ઉલ્લેખ નથી અને પ્રતિ હેકટર ૫૦,૦૦૦ની પણ જાહેરાત નથી કરી પંજાબની આમ આદમીને સરકારે એટલા આપ્યા છે તો ગુજરાત સરકાર કેમ નહીં?

એટલે આમ આદમી પાર્ટી ' 'કિસાન મહાપંચાયત'' ચાલુ રાખશે અને ગુજરાતના ખેડૂતોને ભાજપ સરકારે આપેલી લોલીપોપ બાબતે જાગૃત કરશે તેમ અંતમાં જણાવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું રખડતા ઢોર–કુતરા હટાવો

પકડવા, નસબંધી કરવા, રસીકરણ કરવા અને મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. વધુમાં, ૨૨ ઓગસ્ટના રોજ, કોર્ટે સુનાવણીનો વ્યાપ વધાર્યો, વિવિધ હાઈકોર્ટમાં પેન્ડિંગ કેસોને પોતાની તરફ ટ્રાન્સફર કર્યા, અને રાજ્યોને સોગંદનામું દાખલ કરવા કહ્યું હતું. જોકે, બે મહિનામાં ફક્ત બે રાજ્યોએ સોગંદનામું દાખલ કર્યું હતું. ન્યાયાધીશોએ આશ્ચર્ય વ્યક્ત કર્યું કે, બે રાજ્યો સિવાય કોઈએ તેમની નોટિસના જવાબમાં સોગંદનામું દાખલ કર્યું નહીં. દિલ્હી સરકારનું સોગંદનામું પણ ફાઈલ કરવામાં આવ્યું ન હતું. ફક્ત દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (MCD) એ એક દાખલ કર્યું હતું.

૨૭ ઓક્ટોબરના રોજ સુનાવણી દરમિયાન, કોર્ટે નોંધ્યું હતું કે, દેશભરમાં કૂતરા સંબંધિત ઘટનાઓ સતત બની રહી છે. વૈશ્વિક સ્તરે ભારતની છબી ખરડાઈ રહી છે.

આવી સ્થિતિમાં, રાજ્ય સરકારોનું બેદરકાર વલણ ખોટું છે. રાજ્યો દ્વારા જવાબ દાખલ કરવામાં નિષ્ફળતા પર નારાજગી વ્યક્ત કરતા કોર્ટે પૂછ્યું, "શું રાજયના અધિકારીઓ અખબારો વાંચતા નથી કે, સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતા નથી?" જો આદેશની નકલ તેમના ડેસ્ક સુધી પહોંચી ન હોય, તો પણ તેઓ આ મહત્વપૂર્ણ બાબતથી વાકેફ હશે.

## પાના ૮ ઉપરનું ચાલું લાઠી અને બાબરામાં ''ખેડૂતોના દેવા માફી''

યા, બિપિન વસાણી, ચીતરંજન છાટબાર, શિવાભાઈ સરપંચ વિગરેહાજર રહ્યા હતા અને તેઓની માંગણી મુજબ લાઠી–બાબરા તાલુકાનાં અસરગ્રસ્ત ખેડૂતોને સહાય નહી પરંતુ ખેડૂતોનાં દેવા માફ કરવામાં આવે અને ખેડૂતોને તેમનો હક્ક મળે તે માટે ભાજપ સરકારને જગાડવાનું કામ હાથ ધરવામાં આવેલ અને આ મહાનુભાવો દ્વારા ખેડૂતોનાં પ્રાણપ્રશ્નો સાંભળવામાં આવેલ. તેમજ ખેતી સાથે જોડાયેલ અન્નદાતા અને જગતના તાતની આજે જે મનોદશા છે તેમને વાચા અપાવવા આ લડાઈ કોંગ્રેસ લડી રહ્યું છે. તેમાં આ બન્ને તાલુકાનાં ખેડૂતો સ્વયંભૂ જોડાયેલ. ત્યારે મહાનુભાવોએ તેમના પ્રવચનોમાં જણાવેલ હતું કે કોંગ્રેસ હંમેશા દરેક વર્ગની સાથે છે અને ખંભેખંભા મિલાવીને ન્યાય અપાવવામાં કયારેય પાછી પાની નહી કરે, ત્યારે લાઠી અને બાબરા તાલુકામાંથી ખેડૂતો અને ખેડૂત આગેવાનો સાથે તેમના ખેતરમાં નુકસાની પામેલ કપાસ લઈને ખેડૂતો આવેલ હતા. આમાં ખેડૂતોએ માત્ર તેમના દેવા માફ સિવાઈ કશું નાંખપે તેવી વાત કરેલ હતી. આ સંખ્યામાં આવેલ હતા અને કાર્યકર્તાઓ લાઠી અને લીલીયા તાલુકાભરના ખેડૂતો અને કાર્યકર્તા મિત્રો હાજર રહ્યા હતા.

આમ તા. ૦૭/૧૧/૨૦૨૫ થી અમરેલી જિલ્લા માં "ખેતી બચાવો સત્યાગ્રહ" ના મંડાણ કરવામાં આવેલ છે અને અમરેલી જિલ્લા પ્રમુખ પ્રતાપભાઈ દુધાત દ્વારા કોઈ રાજકારણ નહિ પરંતુ એક ખેડૂત પુત્ર હોવાના નાતે પાર્ટી કે પક્ષ પક્ષપાત રાખ્યા સિવાઈ માત્ર ખેડૂતોની જે મહાદશા અને વેદના છે તેમને સમજીને સમગ્ર અમરેલી જીલ્લાના તાલુકાઓમાં જલદ કાર્યકમ અને ધરણા અમરેલી જિલ્લા કોંગ્રેસ તેમજ દરેક તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા કરવામાં આવી રહ્યા છે. તેમ અમરેલી જિલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં જણાવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું ગુજરાતમાં ખેડૂતોને હેક્ટર દીઠ

સહાય પેકેજની જાહેરાત કરી છે. કૃષિ મંત્રીએ ખેડૂતો માટેના રાહત પેકેજની વિગતો જાહેર કરતાં જણાવ્યું કે, કમોસમી વરસાદના કારણે રાજ્યના ૧૬,૫૦૦ ગામોમાં ખેડૂતોને ૪૪ લાખથી વધુ હેક્ટરના વાવેતરમાં નુકસાન થયું છે, જેમાં ૯,૮૧૫ કરોડ રૂપિયાનું પેકેજ છે. જેમાં કોઈપણ ખેડૂત જેને નુકસાન થયું છે તે બાકાત રહેશે નહી. આમ ખેડૂતોને પ્રતિ હેક્ટર ૨૨,૦૦૦ રૂપિયા બે હેક્ટરની મર્યાદામાં અપાશે.'

કૃષિ મંત્રીએ વધુમાં જણાવ્યું કે, ગુજરાતના ૧૬,૫૦૦ થી વધુ ગામોમાં સર્વેની સૂચનાઓ આપવામાં આવી છે. સર્વેની કામગીરી માટે ૫૧,૦૦ ટીમો કાર્યરત કરવામાં આવી. ખેડૂતોને બે હેક્ટરની મર્યાદામાં હેક્ટરદીઠ રૂ.૨૨,૦૦૦ની સહાય મળશે. જેમાં પિયત કે બિન પિયત બાજુમાં રાખીને ખેડૂતોને પાકનુકસાની સહાય ચૂકવવામાં આવશે.

સંકુલ KG થી PG
સ્કૂલ કોલેજ હોસ્ટેલ
દિવાળી વેકેશન
નવા પ્રવેશ ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
-Ad141

### જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર **કૌશલભાઈ બી. પંડયા, એડવોકેટ,** રહે. અમરેલીના આથી અમારા અસીલ **શ્રીમતી કાજલબેન મયુરભાઈ નાકરાણી**, રહે.અમરેલીના દ્વારા મળેલ સુચના અન્વયે આ જાહેર નોટીસથી લાગતા– વળગતા સર્વોને જાણ કરીએ છીએ કે,

અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના અમરેલી ગામે સુધરાઈ હદમા બાયપાસ રોડ રસ્તે આવેલ રે.સ.નં. ૩૦૯/૧૮ ની જમીન મહે.કલેકટર સા.અમરેલીના હુકમ નં.ચિ.જમન /૧/વશી/૧૮૭૫/ બખપ/એસઆર/૬૫/૬/૧૪/૧૫ તા.૧૮/૨/૨૦૧૫ થી ભાવેશભાઈ દેવચંદભાઈ રાદડીયા તથા અન્ય ૪ ના નામે રહેણાંકના હેતુ માટે બીનેખેતીમા ફેરવાયેલ છે. તે માહે "અયોધ્યા" નામથી રહેણાંક બિલ્ડીંગ બનાવવામા આવેલ છે તેમા "બી" વીંગમા આવેલ ફોર્થ ફલોરનો ફલેટ નં.૪૦૧ વાળી મિલ્કત વેચાણલેખ નં.૩૬૧૦ તા.૧૮/૧૧/૨૦૨૦ થી (૧) શ્રી મનસુખભાઈ બાબુભાઈ ધાનાણી, (૨) શ્રી ચંદુભાઈ નારણભાઈ માદલીયા, (૩) શ્રી ચતુરભાઈ કનુભાઈ સંઘાણી, (૪) શ્રી ભાવેશભાઈ દેવચંદભાઈ રાદડીયાના કબુલાત આપવા પુરતા મુખત્યાર અને શ્રી હરેશભાઈ નરોતમદાસ પાટડીયાએ પોતે જાતે શ્રી પિયુષભાઈ ભરતભાઈ રાજા, રહે.અમદાવાદ ને વેચાણ આપેલ. તેમના પાસેથી અમારા અસીલ શ્રીમતી કાજલબેન મયુરભાઈ નાકરાણી, રહે.અમરેલીએ આ મિલ્કત વેચાણલેખ નં. ૪૦૯૮ તા.૨૭/૯/૨૦૨૧ થી વેચાણ રાખેલ છે ત્યારથી આ મિલ્કત મારા અસીલની માલીકીની છે.

સદરહુ મિલ્કત સબંધે અમારા અસીલ શ્રીમતી કાજલબેન મયુરભાઈ નાકરાણી, રહે.અમરેલીએ અમારા પાસેથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ મિલ્કત સબંધે કોઈ ઈસમ/વ્યકિતનુ કે, કોઈ નાણાકીય સંસ્થા કે, સરકારી, સહકારી કે અર્ધસરકારી સંસ્થાનુ હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામા આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩ મા લેખીતમા આધાર–પુરાવા સાથે રજીસ્ટર પોષ્ટ એ.ડી.થી જણાવવુ. અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા–તકરાર નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામા આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામા આવશે નહી જેની લાગતા–વળગતા સર્વેએ નોંધ લેવી.

તા. ૮/૧૧/૨૦૨૫

**કૌશલભાઈ બી. પંડયા**
**એડવોકેટ**
અંબિકા ચેમ્બર્સ, માણેકપરા, અમરેલી

### જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર : **સુરેશચંદ્ર બી. તેરૈયા (એડવોકેટ)** તે અમારા અસીલ **મનહરભાઈ પોપટભાઈ જોગી રે. બાબરા**વાળાની સુચના અનુસાર લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટિસથી જાણ / તાકીદ કરૂં છું કે,

અમારા અસીલ એ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે–બાબરા ગામે **ભગવતીધામ** સ્થિતમાં આવેલ રહેણાંક હેતુ માટે બિનખેતી થયેલ પ્લોટ આવેલ છે. તેનો પ્લોટ નં. **૫૫** છે. અને **રે.સ.નં. ૭૧૭ પૈકીની** જમીન એ.ગુ. ૪–૦૦ તેમનો સીટીસર્વે નં.**–NA ૭૧૭/૧એપીર૭/૫૫ પૈકી કે** જેનું ક્ષેત્રફળ ચોસર મીટર **૧૨૮.૮૧** છે. અને આ મિલ્કત નગરપાલિકા કચેરી બાબરાના આકારણી અનુક્રમ નંબર / ટેનામેન્ટ નં.– **૧૦૦૭૭૪૧૩** ઉપર નોંધાયેલ છે, આ મિલ્કત અમારા અસીલ એ રજી. વેચાણ દસ્તાવેજ નં.– **૪૦૬/૨૦૦૯** થી **નિકેશભાઈ કરશનભાઈ નાકરાણી** પાસેથી યોગ્ય અવેજ ચુકવી ખરીદ કરેલ છે.

અને અમારા અસીલ આ મિલ્કત પર શ્રી નાગરીક સહકારી બેંક લિ.– બાબરામાંથી નાણાંકીય સવલતો મેળવવા માંગે છે અને તે સબંધે અમારી પાસે એન.ઓ.સી./ ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ / વ્યકિતનું કે કોઈ નાણાંકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી સંસ્થાનું હિત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ / વ્યકિતનો લાગભાગ, હક્ક – હિસ્સો તેમજ હિત સમાયેલ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દીન–૦૭ (સાત) માં લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી. મુદ્દત પૂર્ણ થયે કોઈના કોઈપણ જાતની તકરાર માન્ય રહેશે નહિ અને તેમણે પોતાના તમામ હક્ક હિસ્સા જતા કરેલ છે. તેમ માની અમો ઉપરોકત મિલ્કત ઉપર ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ આપીશું, અને અમારા અસીલ બેંક સદર મિલ્કત મોર્ગેજ / ગીરોમાં લેશે અને પોતાનો ચાર્જ ઉભો કરશે. મુદ્દત વિત્યે પાછળથી કોઈના કોઈપણ પ્રકારના વાંધા ચાલશે નહિ, અને જો કરશે તો આ જાહેર નોટિસથી રદ્ બાતલ ગણાશે. જેની આ જાહેર નોટિસથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**તે અમારા અસીલની સુચના અનુસાર**

**તારીખ : ૦૭/૧૧/૨૦૨૫**
**સ્થળ : બાબરા**

**સુરેશચંદ્ર બી. તેરૈયા**
**(એડવોકેટ)**

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૬૩૦ | ૧૦૮૧ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૮૫૨ | ૧૨૩૪ |
| ૩ | ગીરનાર શીંગ | ૭૫૪ | ૧૧૭૦ |
| ૪ | શિંગ મોટી | ૬૦૦ | ૧૧૭૦ |
| ૫ | શિંગદાણા | ૯૦૦ | ૧૩૦૦ |
| ૬ | તલ સફેદ | ૧૪૦૦ | ૨૭૦૦ |
| ૭ | તલ કાળા | ૨૬૫૦ | ૫૪૦૫ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૭૧૦ | ૨૫૨૮ |
| ૯ | બાજરો | ૩૨૨ | ૪૧૯ |
| ૧૦ | જુવાર | ૩૩૨ | ૫૦૦ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૮૬ |
| ૧૨ | ઘઉં લોકવન | ૪૭૭ | ૫૬૭ |
| ૧૩ | મકાઈ | ૪૬૧ | ૬૫૧ |
| ૧૪ | મગ | ૧૧૦૦ | ૧૫૯૨ |
| ૧૫ | અડદ | ૯૧૦ | ૧૪૧૪ |
| ૧૬ | ચણા | ૯૧૪ | ૧૧૩૯ |
| ૧૭ | સફેદ ચણા | ૧૦૦૦ | ૧૧૬૦ |
| ૧૮ | છોલે ચણા | ૧૪૨૦ | ૧૭૧૭ |
| ૧૯ | તુવેર | ૧૧૦૦ | ૧૩૭૦ |
| ૨૦ | કપાસ | ૮૪૦ | ૧૫૬૭ |
| ૨૧ | એરંડા | ૧૧૮૯ | ૧૨૮૧ |
| ૨૨ | જીરૂ | ૩૨૦૦ | ૩૭૫૦ |
| ૨૩ | ધાણા | ૧૦૦૦ | ૧૩૭૦ |
| ૨૪ | અજમા | ૧૭૨૦ | ૧૭૨૦ |
| ૨૫ | મેથી | ૬૦૦ | ૮૭૦ |
| ૨૬ | સોયાબીન | ૭૨૫ | ૮૭૯ |
| ૨૭ | રજકાનું બી | ૩૮૦૦ | ૪૪૨૫ |
| ૨૮ | કાંગ | ૩૬૫ | ૩૬૫ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૪૯ | ૧૫૧૯ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૧૯૦૦ | ૧૯૦૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૨ | ૧૫૧૫ |
| ૨ | કપાસ કોડી | ૮૫૦ | ૧૧૭૦ |
| ૩ | મગફળી | ૬૫૦ | ૧૧૩૪ |
| ૪ | જુવાર સફેદ | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ૫ | સોયાબીન | ૭૭૫ | ૭૭૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૦૦ | ૧૦૬૫ |
| ૨ | શીંગ મોટી | ૮૭૦ | ૧૧૪૨ |
| ૩ | તલ સફેદ | ૧૮૪૮ | ૨૩૫૮ |
| ૪ | તલ કાળા | ૪૪૦૦ | ૪૭૮૧ |
| ૫ | જીરૂ | ૩૫૦૦ | ૩૭૩૦ |
| ૬ | કપાસ | ૧૧૦૦ | ૧૫૪૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૩૦ | ૬૦૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૫૧ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૫૮૧ |
| ૧૦ | જુવાર | ૮૫૦ | ૯૫૧ |
| ૧૧ | અડદ | ૭૬૧ | ૧૧૦૦ |
| ૧૨ | દેશી ચણા | ૯૫૦ | ૧૨૦૦ |
| ૧૩ | સોયાબીન | ૮૨૦ | ૮૭૩ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૦૦ | ૧૫૨૧ |
| ૨ | કપાસ કોડી | ૮૨૫ | ૧૧૯૬ |
| ૩ | મગફળી | ૫૦૧ | ૯૫૧ |
| ૪ | ઘઉં | ૪૭૧ | ૫૩૦ |
| ૫ | સફેદ ચણા | ૧૧૦૧ | ૧૧૦૧ |
| ૬ | અડદ | ૧૦૫૦ | ૧૨૦૦ |
| ૭ | બાજરો | ૩૫૦ | ૩૫૦ |
| ૮ | ધાણા | ૧૧૦૧ | ૧૧૦૧ |
| ૯ | સોયાબીન | ૭૨૫ | ૭૨૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૫૩ |
| ૨ | ઘઉં લોકવન | ૪૧૦ | ૫૨૨ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૦૬ | ૫૬૫ |
| ૪ | તલ સફેદ | ૨૦૭૦ | ૨૨૫૫ |
| ૫ | ચણા | ૭૦૦ | ૧૦૮૦ |
| ૬ | શીંગદાણા | ૮૫૫ | ૧૦૯૫ |
| ૭ | ધાણા | ૧૧૦૦ | ૧૨૭૦ |
| ૮ | અડદ | ૮૦૦ | ૧૦૫૦ |
| ૯ | સોયાબીન | ૬૦૦ | ૮૬૧ |
| ૧૦ | મગફળી | ૭૦૦ | ૯૦૦ |
| ૧૧ | ચણા સફેદ | ૧૦૫૨ | ૧૦૫૨ |
| ૧૨ | તુવેર | ૧૦૦૦ | ૧૨૧૫ |
| ૧૩ | લસણ | ૩૫૦ | ૩૫૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૨૦ | ૧૫૪૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૦૧૦ | ૧૨૫૦ |
| ૩ | મગફળી | ૯૭૦ | ૧૧૫૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૧૫ | ૨૦૫૫ |
| ૫ | તલ કાળા | ૨૮૪૦ | ૪૯૦૦ |
| ૬ | જીરૂ | ૩૧૦૫ | ૩૭૭૫ |
| ૭ | ઘઉં | ૪૬૫ | ૫૩૫ |
| ૮ | મગ | ૧૨૪૫ | ૧૫૨૫ |
| ૯ | અડદ | ૯૩૫ | ૧૧૧૫ |
| ૧૦ | સોયાબીન | ૭૯૫ | ૮૫૫ |
| ૧૧ | ચણા | ૯૭૫ | ૧૧૦૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૪૫૦ | ૧૦૫૧ |
| ૨ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૧૦૦ |
| ૩ | કપાસ | ૬૦૦ | ૧૫૨૦ |
| ૪ | બાજરો | ૩૬૧ | ૬૦૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૦૧ | ૫૫૦ |
| ૬ | જુવાર | ૪૨૫ | ૯૭૨ |
| ૭ | મકાઈ | ૪૪૦ | ૪૪૦ |
| ૮ | મગ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૯ | અડદ | ૫૫૧ | ૧૦૦૦ |
| ૧૦ | તુવેર | ૭૮૦ | ૭૮૦ |
| ૧૧ | ચણા | ૧૦૩૦ | ૧૨૨૮ |
| ૧૨ | જીરૂ | ૨૭૦૦ | ૨૭૦૦ |
| ૧૩ | સોયાબીન | ૬૦૦ | ૮૩૧ |
| ૧૪ | રાય | ૧૫૦૦ | ૧૫૦૦ |

# જન્મદિનની હાર્દિક શુભકામનાઓ..

## "સહકાર સે સમૃધ્ધિ" ના અમારા સાચા રાહબર

તાજેતરમાં સહકાર ભારતી દ્વારા ગુજરાતની ૬૩૫૦ થી વધુ મંડળીઓમાં શુ-શાસન અને શ્રેષ્ઠ કામગીરી તથા નફાના ધોરણથી

**પ્રથમ નંબર** ની મંડળી બનાવનાર **બગસરાના સર્વાંગી વિકાસના પ્રેરણાસ્ત્રોત** અમારા ચેરમેન **શ્રી રશ્વિનભાઈ ડોડીઆ** ને જન્મદિનની હાર્દિક શુભકામનાઓ...



### ડીરેક્ટર્સ

**શ્રી શરદભાઈ લાખાણી**
(તજજ્ઞ ડીરેક્ટરશ્રી)

**શ્રી કંચનબેન રાદડીયા**
(તજજ્ઞ ડીરેક્ટરશ્રી)

| | | |
|---|---|---|
| શ્રી સુરેશભાઈ પાઘડાળ | શ્રી રામજીભાઈ અમરેલીયા | શ્રી પ્રકાશભાઈ ભરખડા |
| શ્રી ઈન્દુભાઈ ખીમસુરીયા | શ્રી રમેશભાઈ પટેલ | શ્રી ગૌતમભાઈ દરજી |
| શ્રી હિંમતભાઈ પટેલ | શ્રી સંખાભાઈ ગમારા | શ્રી જયસુખભાઈ રંગપરીયા |
| શ્રી સંજયભાઈ પટેલ | શ્રી શાંતિલાલ પરમાર | શ્રી નરેન્દ્રપુરી ગોસાઈ |
| શ્રી જયેશકુમાર વિઠ્ઠલાણી | શ્રી ખોડાભાઈ માલવીયા | શ્રી અશોકભાઈ જોષી |
| શ્રી પરેશભાઈ ભરખડા | શ્રી જયસુખભાઈ ઘંઘુકીયા | શ્રી અનુરાગભાઈ શર્મા |
| શ્રી ગાયત્રીબેન દેસાઈ | શ્રી દિપાલીબેન સોંલકી | |

| | | |
|---|---|---|
| **શ્રી જયદિપભાઈ નાકરાણી**<br>ફિલ્ડ ઓફીસરશ્રી | **શ્રી ડી.જી. મહેતા**<br>જન.સેક્રેટરીશ્રી | **શ્રી નિતેષભાઈ ડોડીઆ**<br>જન.એમડીશ્રી |

### શુભેચ્છક

| | | |
|---|---|---|
| **શ્રી રવિભાઈ પરમાર**<br>શાખા સેક્રેટરી : નિકોલ | **શ્રી વિનુભાઈ રાદડીયા**<br>શાખા એમડીશ્રી : નિકોલ | **શ્રી હેમેન્દ્રભાઈ કટેશીયા**<br>શાખા સેક્રેટરી : બગસરા |
| **શ્રી મહેશભાઈ વ્યાસ**<br>શાખા એમડીશ્રી : બગસરા | **શ્રી ભાવેશભાઈ ગોહેલ**<br>શાખા સેક્રેટરી : વડોદરા | **શ્રી મનોજભાઈ પટેલ**<br>શાખા એમડીશ્રી : વડોદરા |
| **શ્રી સાગરભાઈ ગોહીલ**<br>શાખા સેક્રેટરીશ્રી : બાપુનગર | **શ્રી અશોકભાઈ તોમર**<br>શાખા એમડીશ્રી : બાપુનગર | **શ્રી ધમેન્દ્રભાઈ ગાયજન**<br>શાખા સેક્રેટરી-લીલીયા મોટા |
| **શ્રી પરીનભાઈ રાજ્યપુરા**<br>શાખા એમડીશ્રી-લીલીયા મોટા | **શ્રી ચિરાગભાઈ પરમાર**<br>શાખા સેક્રેટરી : ધારી | **શ્રી કેતનભાઈ ધકાણ**<br>શાખા એમડીશ્રી : ધારી |
| **શ્રી જયેનભાઈ ડોડીયા**<br>શાખા સેક્રેટરી : રાજકોટ | **શ્રી અરવિંદભાઈ નાગ્રેચા**<br>શાખા એમડીશ્રી-રાજકોટ | **શ્રી વિજયભાઈ ચાવડા**<br>શાખા સેક્રેટરી : અમરેલી |
| **શ્રી તનસુખભાઈ ઠાકર**<br>શાખા એમડીશ્રી-અમરેલી | **શ્રી ભરતભાઈ ડોડીયા**<br>શાખા સેક્રેટરી : ચલાલા | **શ્રી જયોતિકાબેન રાવલ**<br>શાખા એમડીશ્રી : ચલાલા |
| **શ્રી પ્રવિણસિંહ રાઠોડ**<br>આસી.જન.સેક્રેટરી | | |

## શ્રી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લિ. પરિવાર




# જિલ્લા કોંગ્રેસ દ્વારા પૂર્વ ધારાસભ્યો પરેશ ધાનાણી અને પ્રતાપ દુધાતની આગેવાનીમાં

# લાઠી અને બાબરામાં ''ખેડૂતોના દેવા માફી''ની માંગ ઉભી થઈ

**ખેતી બચાવો સત્યાગ્રહ અંતર્ગત છેલ્લા પાંચ દિવસથી કોંગ્રેસ પક્ષ ખેડૂતોની મદદે આવ્યો**

**જિલ્લાનાં ૧૦ તાલુકામાં સંમેલન, ધરણા, આવેદનપત્ર પાઠવવા સહિતનાં કાર્યક્રમો યોજાયા**

**ખેડૂતોને આર્થિક સહાય નહી પરંતુ, સંપૂર્ણ દેવા માફ કરવામાં આવે તેવી માંગ**

**રાજકોટનાં પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજયગુરૂ સહિતનાં આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા**



અમરેલી, તા. ૭

તાજેતર માં કમોસમી વરસાદ (માવઠા) થી અમરેલી જિલ્લામાં ખેડૂતોને થયેલ વ્યાપક નુકસાન સામે વળતર નહી પરંતુ ખેડૂતોના દેવા માફ કરવા માટે તા. ૦૭/૧૧/૨૦૨૫ થી ''ખેતી બચાવો સત્યાગ્રહ''ના મંડાણ અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કરવામાં આવેલ. જેના ભાગ રૂપે આજ રોજ લાઠી –બાબરા તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિ ખેડૂતોની માંગણી અને લાગણી મુજબ ''ખેડૂતોનાં ખેતી દેવા માફ'' માટે પ્રતિક ધરણા કરતા પ્રતાપભાઈ દુધાત, પરેશભાઈ ધાનાણી, જેનીબેન ઠુમ્મર, ઈન્દ્રનીલભાઈ રાજયગુરૂ, નરેશભાઈ અધ્યારૂ, રફિકભાઈ મોગલ, શાંતિલાલ રાણવા, સુરેશભાઈ ગોયાણી, જીતુભાઈ વાળા, નાનું લાડોલા, કાનભાઈ ગાંગડિયા, રાજેશભાઈ ખાંભુ, મહેશભાઈ બોરીચા, વિપુલભાઈ પરમાર, અહેમદભાઈ શેખ, ઈમ્તિયાઝભાઈ, મહેન્દ્રભાઈ સેજૂ, સંજયભાઈ સેજૂ, રાજભાઈ ચાડ, વજુભાઈ વામજા, મયુરભાઈ આસોદરીયા, મનુભાઈ વિરાણી, ભરતભાઈ લાડોલા, મુકેશભાઈ ડેર, સુરેશભાઈ ડેર, ભોપાભાઈ વાવડીયા, પુનાભાઈ વાવડીયા, જીગરભાઈ જયસ્વાલ, નરેશભાઈ અધ્યારૂ, જસમતભાઈ ચોવટિયા, બાવાલાલ હિરપરા, ધીરૂભાઈ વહાણી, વિવેક સાકરીયા, મુસાભાઈ, માંડણભાઈ મૂંધવા, હરેશ ભાઈ મેવાડા વકીલ, વિજયઝાપડીયા, કાંતિભાઈ પરનાળિ

અનુસંધાન પાના ૬ ઉપર

## રાજયનાં ઈતિહાસમાં સૌથી મોટી રકમની રાહત અપાઈ

# ભાજપનાં દિગ્ગજનેતા દિલીપ સંઘાણીએ ખેડૂતો માટે જાહેર થયેલ ૧૦ હજાર કરોડનાં પેકેજનું સ્વાગત કર્યુ

**જિલ્લા પંચાયતનાં સદસ્ય વિપુલ દુધાત, યુવાનેતા મનિષ સંઘાણી દ્વારા પણ આવકાર**








અમરેલી, તા. ૭

ગુજરાતમાં કમોસમી વરસાદનો ભોગ બનેલ રાજયનાં લાખો ખેડૂતોની ચિંતા કરીને તેઓને રાજયની ભુપેન્દ્રભાઈ પટેલની સરકારે ઐતિહાસિક ૧૦ હજાર કરોડનું પેકેજ જાહેર કરતાં ભાજપનાં દિગ્ગજનેતા દિલીપ સંઘાણી, જિલ્લા પંચાયતના સદસ્ય વિપુલ દુધાત, યુવાનેતા મનિષ સંઘાણીએ આવકારીને સરકારને અભિનંદન પાઠવેલ છે.

## ભાજપ સરકાર ખેડૂતોની એકતાથી ગભરાઈ

# ભાજપ સરકાર સામે ખેડૂતોની એકતાની જીત થઈ : આપ પ્રમુખ ઈશુદાન ગઢવી

**આમ આદમી પાર્ટી કિસાન મહા પંચાયત શરૂ રાખશે**



અમરેલી, તા. ૭

આમ આદમી પાર્ટીનાં પ્રદેશ પ્રમુખ ઈશુદાન ગઢવીએ એક નિવેદનમાં જણાવેલ છે કે,

અમરેલી, તા. ૭

જયારે ખેડુતો પક્ષ અને પાર્ટીઓ ભુલી એક થાય અને પોતાનો અવાજ બુલંદ કરે તો ભાજપ જેવી નિર્દય સરકારને પણ ઝૂકવું પડે છે અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ગુજરાતના

અનુસંધાન પાના ૬ ઉપર

## સાવરકુંડલા એડિશ્નલ સેશન્સ જજ દ્વારા

# લીલીયા મોટાનાં આંબા ગામમાં વીજ શોકથી સિંહણનાં મૃત્યુનાં ગુન્હામાં આરોપીનાં જામીન નામંજુર

**ગુન્હાની ગંભીરતા અને કાયદાકીય જોગવાઈ મુજબ જામીન નામંજુર**

લીલીયા, તા. ૭

શેત્રુંજી વન્યજીવન વિભાગની લીલીયા રેન્જ કાર્યક્ષેત્રમાં આવેલ મોટા કણકોટ ગામની સીમમાંથી શંકાસ્પદ મૃતદેહ મળી આવેલ જેનું પેનલ પોસ્ટમોર્ટમ કરતા મૃત્યુ વીજ શોકના કારણે થયું હોવાનું જણાઈ આવતા લીલીયા વાઈલ્ડ લાઈફ રેન્જ દ્વારા વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન ૧૯૭૨ અંતર્ગત ગુનો દાખલ કરેલ. જે અનુસંધાને લીલીયા વન વિભાગ દ્વારા સખત મહેનત અને અલગ–અલગ ટિમ અને ટેકનોલોજી ઉપયોગથી, એસીએફ વિરલસિંહ ચાવડા અને આરએફઓ બી.જી. ગલાણીની ટીમ દ્વારા આરોપીઓને પકડવામાં આવેલ.

આરોપી જયરાજભાઈ રામકુભાઈ બોરીચા દ્વારા એડિશનલ સેશન જજ સાવરકુંડલાની કોર્ટમાં જામીન અરજી ગુન્હાની ગંભીરતા અને કાયદાકીય જોગવાઈને ધ્યાને લઈ જામીન અરજી 'ના મંજૂર' કરવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## દલિતોને મોબાઈલમાં ગાળો દેવાનાં ગુન્હાનાં આરોપી

# લાલાવદરનાં ઉપસરપંચની ધરપકડની માંગ સાથે લડતનાં મંડાણ કરાશે

**પોલીસ અધિક્ષક કચેરી સામે ધરણા કરાશે**

અમરેલી, તા. ૭

અમરેલીનાં લાલાવદર ગામનાં અને ઉપસરપંચ પદે રહેલ ચેતન ધાનાણીએ દલિતોને મોબાઈલમાં ગાળો આપતા તેમના વિરૂધ્ધ પોલીસ ફરિયાદ નોંધાતા તેઓએ તાલુકા ભાજપ પ્રમુખ પદેથી રાજીનામુ ધરી દીધુ છે, અને હજુ તેઓ પોલીસ પકડથી બહાર હોય તેઓની ધરપકડ કરવાની માંગ સાથેની લડતનાં મંડાણ થયા છે.

દલિત સમાજ દ્વારા અમરેલી પોલીસ અધિક્ષક કચેરી સામે ધરપકડની માંગ સાથે કાલે ધરણાનો કાર્યક્રમ કરવાનુ નકકી કરવામાં આવ્યુ હોય સમાજનાં અગ્રણી કાંતીલાલ પરમારે જણાવેલ છે.

## ચોમાસાની પહેલા અને પૂર્ણ થઈ ગયા બાદ કમોસમી વરસાદ

# અમરેલી જિલ્લામાં સીઝનનો કુલ ૧૧૮.૨૩ ટકા વરસાદ નોંધાયો

**ચાલુ વર્ષે રાજુલામાં ૧૨૮૩, વડીયામાં ૧૦૭૯ મી.મી. વરસાદ પડી ગયો**

અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લામાં ચાલુ વર્ષે ચોમાસાની શરૂઆત પહેલા જ વાવઝોડાની અસરના કારણે અમરેલી જિલ્લામાં નોંધપાત્ર વરસાદ પડી ગયો હતો. અને તાજેતરમાં જ વિધિવત રીતે ચોમાસાની વિદાય થઈ ગઈ હોવા છતા પણ વાવાઝોડાની અસરના કારણે દિવાળી પછી સતત વરસાદ પડયો હતો. ચાલુ વર્ષે સરેરાશ ૧૧૮ ટકા જેટલો વરસાદ પડી ગયો છે.

અમરેલી જિલ્લામાં દિવાળી પછી કેટલાંક દિવસોથી વાવાઝોડાની અસરના કારણે સતત વરસાદ ચાલુ પડયો હતો. ઘણાં જ દિવસો સુધી સૂર્યનારાયણના દર્શન પણ ઘણાં વિસ્તારોમાં દુર્લભ થઈ ગયા હતા.

ગત ચોમાસાંની વિધિવત શરૂઆત પહેલા જ દરીયા કાંઠો ધરાવતા આ અમરેલી જિલ્લામાં દરીયામાં સર્જાયેલી સિસ્ટમની સરને કારણે કમોસમી વરસાદ પડી જવા પામેલ હતો. પણ ત્યાર પછી ચોમાસાની શરૂઆતમાં વચ્ચે વરસાદ ખેંચાતા વર્ષ નબળું જશે તેવી પણ ભીતિ સર્જાઈ હતી. તેના બદલે હવે સતત પડી રહેલા વરસાદના કારણે પરિસ્થિતિ લીલી દુષ્કાળ જેવી થવા પામી છે.

આજે પણ અમરેલી જિલ્લામાં પડેલા અત્યાર સુધીના વરસાદના આંકડાઓ પર નજર નાંખીએ તો ૧૧૮ ટકા વરસાદ પડી ગયો છે. ટકાવારી મુજબ સૌથી વધારે વરસાદ રાજુલા તાલુકામાં ૧૨૮૯ મી.મી. વરસાદ પડી ગયો છે.

જયારે અત્યાર સુધીમાં

અનુસંધાન પાના ૬ ઉપર







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)